॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંજી મહારાજશ્રીની પ્રતિકૃતિ

સ્થળ : શ્રીમાધવાનન્દઆશ્રમ – હરદ્વાર


દક્ષેશ્વર રોડ, જગજીતપુર, કનખલ, હરદ્વાર – ૨૪૯૪૦૮, ઉત્તરાખંડ.

ફોન : (૦૧૩૩૪) ૨૪૬૬૭૫ મો.: ૦૯૪૧૧૫ ૦૧૬૮૨



વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ માગશર, જાન્યુઆરી – ૨૦૧૬, અંક – ૧

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ;
ગુરુઃ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ



અલ્હાબાદ ગંગાજીના પટ્ટમાં વર્ષ ૧૯૯૫માં કુંભપર્વ મેળામાં લીધેલા પરમ પૂજ્ય શ્રી સદ્ગુરુ ભગવાન

## સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૮ / જાન્યુઆરી–૨૦૧૬ / અંક–૧

## અનુક્રમણિકા


૪ કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૮ આધારની શુદ્ધિ
લેખક – શિવ

૯ સહનશીલતા
મનીષા કે. સાચપરા (અઘેવાડા)

૧૦ ધારણ કરે તેનું નામ ધર્મ
રેખાબેન આર. મયાણી (ભાવનગર)

૧૩ ગુરૂ અને સાધક
વાઘાણી ધવલ ચંદુભાઈ (નાના સુરકા)

૧૫ મૃત્યુનો મહિમા
હસમુખ પટેલ

૧૭ પરમ કલ્યાણ
ભગવાનદાસ
સુરત

૧૯ સદ્ગુરૂજીના શબ્દોનું આચરણ
મફતલાલ (આદિવાડા)

૨૦ પ્રભુ સ્મરણનો મહિમા
દિનેશ એન. લાઠિયા (જરીયા)

૨૧ સત્સંગ સમાચાર
સંકલિત

૨૨ સત્સંગ સમાચાર
સંકલિત

૨૨ ચાણોદ કેમ્પનો અહેવાલ
(પોપટભાઈ એચ. કુકડીયા, ચમારડી)


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*વયસિ ગતે કઃ કામવિકારઃ શુષ્કે નીરે કઃ કાસારઃ ।*
*નષ્ટે દ્રવ્યે કઃ પરિવારો જ્ઞાતે તત્ત્વે કઃ સંસારઃ ॥*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મૂઢમતે ॥ ૭ ॥*

### ભાવાર્થ

*અવસ્થા થાય પછી કામવિકાર શેનો ? પાણી સુકાય પછી જળાશય શાનું ? તથા ધન ખલાસ થાય પછી પરિવાર શાનો ? આ જ રીતે તત્ત્વજ્ઞાન જાણ્યે પછી સંસારનું અસ્તિત્ત્વ ક્યાંથી રહે ? માટે હે મૂઢ ! તું હંમેશા ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૭ ॥*

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ००૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ००૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

ઘણાંય સાંભળે, વાંચતા હોય તો પણ વર્ણને આશ્રમની આડ્યમાંથી જીવ બહાર નીકળતા નથી. હું બ્રાહ્મણ છું. હું પટેલ છું ને હું ક્ષત્રિય છું ને હું આ ગામનો છું ને હું આ નામનો છું આ રૂપનો છું એમ નામ ને રૂપમાં જીવો પડયા રહે છે. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું શુધ્ધ બુધ્ધ મુક્ત સ્વરૂપ છું એમ પોતાના ખરા સ્વરૂપને જાણતા નથી અને અનાદિ કાળથી જીવ સંસારમાં ભટકયા કરે છે. એટલે કહે કે ઘણાં લોકો સાંભળવા છતાં ય એ સ્વરૂપને આત્માને સમજતા નથી અને

**आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा**

એનું કારણ શું છે ? કે આનું જ્ઞાન દેવાવાળા જ બહુ ઓછા મળે છે. **'आश्चर्य'** આશ્ચર્ય શું કહેવાય ? કે બહુ ઓછા મળે. તમને તાજમહેલ કેટલે મળે ? બોલો ? એટલે એને આશ્ચર્યમાં ગણાય, એટલે આશ્ચર્ય લખ્યું છે કે-

**अहनि अहनि भूतानि गच्छन्ति यम मंदिरं ।**
**शेषा स्थावर मिच्छन्ति किमाश्चर्यमत: परम ॥**

કે રોજ એક પછી એક પછી એક મૃત્યુમાં જાય છે. બોલો, કેટલાય નેતાઓ કપાયને મરી ગયા પણ તોય પાછા બીજા નેતા સમજે કે આપણે તો રાજગાદીમાં જ બેસવાના છીએ. એટલે એને મરવાવાળો ભાગ દેખાતો નથી. ક્યો દેખાય છે ? બોલો ? ભોગનો ભાગ, જોવાનું દેખાય મરવા વાળો ભાગ દેખાતો નથી. એટલા માટે એવા લોકોને એવું જ્ઞાન દેવા વાળા મળવા બહુ દુર્લભ હોય છે એટલે **'आश्चर्यो वक्ता'** કે આ જગતમાં આત્માનું જ્ઞાન લેવાવાળા બહુ ઓછા મળે કેમ કે કર્મકાંડ કરાવોને કે આ યજ્ઞ કરોને પતિ-પત્ની બેસોને ૧૦૦ રૂપિયા આપો ૫૦ વપરાયને ૫૦ મહારાજને..એટલે કર્મકાંડ કરવામાં તો મળે પણ જ્ઞાનમાં આત્મજ્ઞાનમાં શું મળે ? 'તું બ્રહ્મ છો' એમ કહી દે એટલે પેલો કહે કે હું ય બ્રહ્મ ને તું ય બ્રહ્મ. મારે દેવા લેવાનું કાંઈ... કંઈ દેવું ય નહીં ને કાંઈ લેવું ય નહીં. તું ય મુક્ત થઈ ગયો તો હું ય મુક્ત થઈ ગયો. મારે કાંઈ કર્તવ્ય નથી ને તારે કાંઈ... તો મારે પછી સેવા સેવા કરવાની શી જરૂર છે ? એટલે આત્મજ્ઞાન દેને એમાં કાંઈ મળતું નથી. એટલા માટે આત્મજ્ઞાન લેવાવાળા પણ બહુ ઓછા હોય છે. જગતના મોહમાં પડેલા જીવો લેવા જાય તો એનો મોહ ભાંગી પડે એટલા માટે **'आश्चर्यो'** માને **'कुशलोऽस्य'** અને જ્ઞાન દેવાવાળા **'आश्चर्यो वक्ता'** કે આનું બોલવા વાળા બહુ ઓછા મળે. ઝાઝા મળતા નથી. કેમ કે-

**शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।**
**सावधो नहि सर्वत्र चन्दनं न वने वने ॥**

એમ આત્મજ્ઞાન બ્રહ્મજ્ઞાન દેવા વાળા જયાં ત્યાં મળતા નથી અને કોઈથી કોઈક મળી પણ ગયા તો એને લેવા વાળા પણ **'आश्चर्य लब्धा'** કે એને (આત્મજ્ઞાનને) પ્રાપ્ત કરવા વાળા પણ બહુ ઓછા... મહારાજ જયારે કંઈ સંસારની વાત કરેને તો ઘણાંય સાંભળવા બેસી જાય પણ જો આત્મજ્ઞાનની વાત કરેને

તો ઊભા થઈ થઈને ભાગવા...કેમ કે આમાં (આત્મજ્ઞાનમાં) શું મળે ? કંઈક પુત્ર મળે, પત્ની મળે, ધન મળે, માન મળે, રાજ મળે, સમૃદ્ધિ મળે એવું કાંઈ શીખવાડતા તો નથી. આમાં કાંઈ મળતું નથી કેમ કે એના હાથમાંય નો આવે ને ગંજામાંય (ખિસ્સામાં) નો આવે ઘરમાં ય નો આવે. બોલો, આત્મજ્ઞાનથી તમારું ગંજુ ભરાણું કોઈનું ? પેટ ભરાઈ ગયું ? તો આનાથી નથી કોઈનું પેટ ભરાતું નથી ગંજુ (ખિસ્સુ) ભરાતું નથી હાથમાં કાંઈ આવતું નથી. એટલે કોઈને દેખાડી શકાતું નથી. એટલે આ જ્ઞાન લેવા વાળા પણ બહું ઓછા હોય છે. ને જીજ્ઞાસા કરવા વાળા ય બહું ઓછા હોય છે. પુત્રની, પત્નીની, ધનની, મકાનની (ઈચ્છા) કરવા વાળા ઘણાંય હોય પણ આત્મજ્ઞાન લેવાની જીજ્ઞાસા કરવાવાળા બહુ ઓછા મળે. તો એક હારે સમજાવે છે પણ ઝાઝા ન હોય તો ગભરાવું નહીં. ઝાઝું ટોળું હોય તો જ સમજવું એમ નહીં પણ તમારે સમજણ ને સારું હોય તો લેવું જોઈએ ઝાઝા નો હોય તો કાંઈ નહીં ડોકટર કેટલા હોય ? કહો ? તો એ કાંઈ ભણવાનું બંધ કરી દે ? જયારે સંસારમાં બીજુ કરવા વાળા ઘણાંય હોય પરંતુ પરમાત્માને માર્ગે જવા વાળા ઝાઝા ન હોય એટલે ગભરાવું નહીં કેમ કે લાખો લોકોમાંથી કો'ક પ્રભુને રસ્તે જાય છે ગીતામાં ભગવાને કહ્યું-

**મનુષ્યાણાં સહસ્ત્રેષુ, કશ્ચિદ્યતતિ સિદ્ધયે ।**
**યતતામપિ સિદ્ધાનાં, કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ ॥**
(ગીતા-અ-૭-૩)

ભગવાને ૭ માં અધ્યાયમાં કહ્યું, હજારો મનુષ્યોમાંથી કોઈ એક સારી સિદ્ધિને માટે બ્રહ્મરૂપ થવાને માટે મહેનત કરે છે અને એવા મહેનત કરવા વાળામાં કોઈ સફળ થાય છે. બધાય લોકો સફળ પણ થતા નથી. કેમ કે અત્યંત સૂક્ષ્મ વસ્તુ છે, જેની બુદ્ધિ નિર્મળ હોય મન જો ઝીણું (સૂક્ષ્મ) થયેલું હોય તો એ સમજી શકે છે. નકર પછી ભોગોમાં ભટક્યા કરે છે અને વારંવાર હું જાડો છું ને પાતળો છું સ્ત્રી છું, મનુષ્ય છું પુણ્યી છું પાપી છું એમ માનીને પોતાને સંસારમાં ભટકાવ્યા કરે છે. તો અનાદિ કાળના અજ્ઞાનમાંથી નીકળવા માટે આત્મ-કલ્યાણ કરવા માટે સારા મહાપુરુષોનું શરણ લઈને અભ્યાસ કરવો. એટલે કહે છે-

**आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ।**

કુશળ દ્વારા જો **'अनुशिष्ट'** હોય તો કોઈ જાણવાવાળો **'आश्चर्य'** એટલે બહુ જાણવાવાળા હોતા નથી. કોઈક વિરલો હોય એ એને (પરમાત્માને) સાચી રીતે જાણી શકે છે. તો આત્મ કલ્યાણ કરવા વાળાએ નિરંતર જાગ્રત રહેવું. કોઈની દેખાદેખી ન કરતાં સારું હોય તો એ માથું મૂકીને પણ લેવા માટે તૈયાર રહેવું.

**તદ્વિદ્ધિ પ્રણિપાતેન, પરિપ્રશ્નેન સેવયા ।**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં, જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ॥**
**શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં, તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિ, મચિરેણાધિગચ્છતિ ॥**
(ગીતા-અ-૪-૩૪-૩૯)

તો જ્ઞાન લેવાનું અહીં સાધન છે કે પહેલા સંતોને નમસ્કાર કરે પછી પ્રશ્ન પૂછે પછી સેવા કરે પછી ખૂબ શ્રદ્ધા રાખે ને તત્પરતા રાખે ને ઈન્દ્રિઓનો સંયમ રાખે તો એ **'જ્ઞાનં લબ્ધવા પરાં શાન્તિ'** જ્ઞાન મળી જાય તો પરમ શાંતિ થાય.

**ગુરૂથી જેને જ્ઞાન થયું છે,**
**તેને છે નિરાંત જોને.**

તો પેલા સારા કર્મો કરીને અંતઃકરણ (મન) શુદ્ધ કરવુ. મળ નામનો દોષ દુર કરવો. ભગવાનની ભક્તિ કરીને મનને સ્થિર કરવું (વિક્ષેપ દૂર કરવો) પછી ગુરુનું જ્ઞાન લઈને આવરણને દૂર કરીને રોજ અભ્યાસ કરવો કે-

**ચિદાનંદરૂપઃ શિવોહં શિવોહં**
**શિવોહં કા ડંકા બજાના પડેગા,**
**મિથ્યા ભ્રમ ભ્રાંતિ કો ભગાના પડેગા**

જયાં સુધી ભ્રાંતિ નય મટાડે ત્યાં સુધી જીવને શાંતિ નહિ થાય.

**શ્રી ગુરું ચરણ દ્વંદ્વ વંદેહં મથિત દુઃસહ હ્નન્દ્રમ્ ।**
**ભ્રાંતિ ગ્રહોપશાંતિ પાશુમયં યસ્ય ભસિતમાતનુતે ॥**

જે સદ્‌ગુરૂના ચરણનું સેવન કરવાથી ભ્રાંતિરૂપી ગ્રહની શાંતિ થાય તો જીવ સુખનો ભાગીદાર થાય. તો સત્સંગ કરીને અનેક પ્રકારની ભ્રમણાઓ દુર કરવી.

**ભ્રમણાને ભાંગ્યા વિના રે,**
**ભવના ફેરા નહિ તો મટે રે જી,**
**આત્માને ઓળખ્યા વિના રે,**
**લખ ચોરાશી નહિ તો ટળે રે જી.**

તો સત્કર્મ સદ્‌ભક્તિ સદ્‌ભાવના, સદ્‌જ્ઞાન લઈ અને જીવનને સદા આનંદમય બનાવવું. સદાય પરમાત્મા સર્વને બ્રહ્માનંદના ભાગીદાર બનાવે એવી પ્રભુને પ્રાર્થના કરીએ કે-

**સર્વત્રઃ સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ માકશ્ચિદ્ દુઃખ ભાગભવેત્**

પ્રિય સજ્જનો ભારતીય સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિ છે. **'વેદોઽખિલો ધર્મમૂલમ્'** વેદ ધર્મનું મૂલ છે. **'વિદ્ જ્ઞાને'** ધાતુથી વેદ શબ્દ બન્યો. **વિદ્ સત્તાયામ વિદ્ લાભે અને વિદ્ જ્ઞાને** જેનો અર્થ થાય સત્ ચિત અને આનંદ. વેદ સચ્ચિદાનંદ પરમાત્માનું જ્ઞાન આપવા વાળો છે. વેદનો કર્મ ભાગ, ઉપાસના ભાગ અને જ્ઞાન ભાગ એમ ત્રણ ભાગ છે. ઉપનિષદોએ આત્મજ્ઞાન બ્રહ્મજ્ઞાન દેવાવાળા છે. આ આપણે અત્યારે કઠોપનિષદ શ્રવણ કરી રહ્યા છીએ.

કઠોપનિષદની કથામાં પ્રથમ એવું છે કે વાજશ્રવા નામના ઋષિએ સર્વસ્વ દાન દેવાય એવો યજ્ઞ કર્યો અને એમાં બધી જ ગાયો તમામ પ્રકારનું ધન દાનમાં દેવાનું હતું. તો પુત્રના મોહને લઈ સારી સારી ગાયો પુત્રને માટે રાખી અને જે દૂધ ન દો'વા દે, જે ખાય ન શકે, હાલી શકે નહિ, પીય ન શકે એવી નબળી જે દુબળી ગાયો હતી એ ગાયો દાનમાં દેવાનું શરૂ કર્યું. એટલામાં એના પુત્રને મનમાં વિચાર આવ્યો શ્રદ્ધા જાગ્રત થઈ કે આવી ગાયો દેવાથી તો પિતાજીને નરકમાં જવું પડશે. મારી ફરજ છે કે પિતાજીને મારા મોહને લઈને જે આ (નબળી ગાયો દાનમાં આપે છે એ) થયું છે તો મારો મોહ છૂટે અને પિતાજીનું કલ્યાણ થાય એવો કંઈ ઉપાય કરું. એવો વિચાર કરીને કહ્યું કે, પિતાજી ! તમે સર્વસ્વ દાન આપવાનો યજ્ઞ કર્યો છે તો હું તમારું ધન છું તો તમે મને કોને દાનમાં આપશો ? એકવાર બે વાર ત્રણવાર કહ્યું તો ઋષિને થોડો ક્રોધ ચડયો. ઋષિએ ક્રોધમાં કહ્યું કે **'मृत्यवे त्वां ददामि ।'** હું તને મૃત્યુને આપું છું. બોલ્યા છતાં પણ દેવા માટે તૈયાર ન થયા. ત્યારે એને સમજણ આપી કે તમે પૂર્વજોને જોવો ને પાછળની પ્રજાને પણ જોવો. પૂર્વજો કોઈ દિ' બોલેલું ફર્યા નથી જો તમે બોલેલું ફરી જશો તો પૂર્વજોની પરંપરાને તોડવાના પાપના ભાગીદાર થશો અને નવી પેઢી છે એ પણ પાપના ભાગીદાર તમારી ઘોડે (જેમ) બોલેલું ફરી જશે એથી એ પણ પાપ, એનો કોઈ વિશ્વાસ નહિ કરે. જેથી તમે જ પૂર્વજોની પેઢીને તોડવા વાળા અને નવી પેઢીને બગાડવા વાળા બેયના પાપના ભાગીદાર થશો. એટલા માટે તમે એને (આ શરીરને) તો ઘાસ સમાન સમજો. જેમ ઘાસ ઊગે ને સૂકાય જાય, ઊગે ને... એમ આ શરીર જન્મે ને મરે જન્મે ને મરે. એટલા માટે કોઈના શરીરની પરવા ન કરો. મારું શરીર કે કોઈના પણ શરીરની પરવા ન કરો. શરીર તો એક દિ'જવાના જ છે તો તમે આ વખતે (સમયે) તમારા વચનનું પાલન કરો. એમ કહેવાથી ઋષિએ કહ્યું, આજ્ઞા આપી, 'તું યમરાજાને ત્યાં જા' નચિકેતા પિતૃભક્તિના બળથી સશરીરે યમરાજાને ત્યાં ગયા. યમરાજા ત્રણ દિવસ માટે બહાર ગયેલા હતા. નચિકેતાને ખાવા-પીવાનું કહ્યું છતાં એણે ખાધું પીધું નય. ત્રણ દિવસ સુધી ઉપવાસ કરીને ભોજન વગર રહ્યા. યમરાજા જયારે ઘેર આવ્યા ત્યારે એના પત્નીએને મંત્રીએ કહ્યું કે આપણે ઘરે અતિથિ આવેલા છે. એનું તમે સ્વાગત કરો. અતિથિનું સ્વાગત જે ન કરે એને નુકસાન જાય છે. એનું પુણ્ય ખતમ થઈ જાય છે. ચાલ્યું જાય છે.

**अतिथि यस्य भग्नाशो गृहात्प्रतिनिवर्तते ।**
**स तस्मै दुष्कृतं दत्त्वा पुण्यमादाय गच्छति ॥**

**विष्णुस्मृति-अ-६७**

અતિથિ જેને ઘરે આવે અને એનો જો અતિથિ સત્કાર ન કરે તો અતિથિ એનું પાપ છોડી જાય ને પુણ્ય હોય એ ગ્રહસ્થાશ્રમીનું લઈ જાય છે. એટલા માટે તમે અતિથિ સત્કાર કરો. એમ એમના બધાયે કહ્યું તે યમરાજા તરત જ પાણી લઈ તેનું (નચિકેતાનું) સ્વાગત કરવા માટે ત્યાં આવ્યા. નચિકેતાને કહ્યું કે, હે બ્રહ્મન !

**'नमस्तेऽस्तु त्रीन्वरान्वृणीष्व ।'**

તું મારે ઘરે ત્રણ દિવસ ભૂખ્યો રહ્યો એને માટે હું તને ત્રણ વરદાન આપું છું. તારે ત્રણ વસ્તુ જે માંગવી હોય એ માંગી લે. તો ત્રણ વરદાનમાં પ્રથમ વરદાનમાં નચિકેતાએ માંગ્યું, મારા પિતાની શાંતિ થાય એવું વરદાન આપો.

**शान्त संकल्पः सुमना यथा स्याद् ।**

મારા પિતાને શાંતિ મળે ક્રોધ શાંત થઈ જાય અને ચિંતા મટી જાય કે મારા પુત્રનું શું થયું હશે ? અને ફરીન હું અહીંથી પાછો જાવ ત્યારે મને ઓળખી પણ જાય. કે આ ભૂત નથી પણ સાચો જીવતો જ આવેલો છે. નકર યમરાજાને ઘરે જાય પછી જીવતો આવતો નથી. ફરીન આવે તો ભૂત થઈને આવે પણ સાચો મનુષ્ય ના આવે. એટલા માટે બરોબર ઓળખી જાય પિતાની શાંતિ થઈ જાય એમ પેલું વરદાન માંગ્યું.

બીજા વરદાનની અંદર એણે કહ્યું મને સ્વર્ગની પ્રાપ્તિ થાય એવું જ્ઞાન આપો. એમ એણે (યમરાજાએ)

યજ્ઞનું બધું જ્ઞાન બતાવ્યું એ યજ્ઞનું જ્ઞાન નચિકેતાએ તરત એવું ને એવું સંભળાવી દીધું જેથી રાજી થઈ ને યમરાજાએ તરત જ એને એ એને વરદાન આપ્યું કે આજથી આ અગ્નિનું નામ **'नचिकेतस नामनो अग्नि'** થશે. પછી ત્રીજા વરદાનની અંદર માંગ્યું.

**तृतीय वर – आत्मरहस्य**

**येयं प्रेते विचिकित्सा मनुष्ये–**
**ऽस्तीत्येके नायमस्तीति चैके ।**
**एतद्विद्यामनुशिष्टस्त्वयाहं**
**वराणामेष वरस्तृतीयः ॥२०॥**
**॥१–१–२०॥**

ત્રીજા વરદાનની અંદર માંગે છે કે આ શરીર છૂટયા પછી આત્મા રહે છે કે નથી રહેતો. નચિકેતાએ એ રીતે માંગ્યું ત્યારે (યમરાજાએ) કહ્યું કે આ જ્ઞાન ઘણું દુર્લભ છે. દેવતાઓએ પણ જાણવા મહેનત કરી પણ દેવો પણ જાણી શકયા નહીં. **'अणुरेष धर्म'** તે અત્યંત સૂક્ષ્મ છે. આત્માને રૂપ નથી રંગ નથી રસ નથી કોઈ ગુણ નથી. આત્મામાં. સર્વગુણોથી વિકારોથી રહિત છે. યમરાજા નચિકેતાની પરીક્ષા લેવા માટે કહે છે કે, તું આ બધું જાણવાનું છોડી દે એની બદલે હું તને ભોગો પૈસા આપું વૈભવો આપું હાથી-ઘોડા આપું આ લોકના જ નહીં પણ તને સ્વર્ગના પણ

**इमा रामाः सरथाः सतूर्या**
**न हीदशा लम्भनीया मनुष्यैः ॥१–१–२५॥**

કે મનુષ્યોને જે નો મળી શકે એવા સુંદર સુંદર તને પદાર્થો આપું અને લાંબુ આયુષ્ય પણ આપું. ત્યારે નચિકેતાએ કહ્યું કે, ભલે તમે આપો પણ આપેલું કોઈ દિ' લાંબો ટાઈમ રે'તું નથી અને સાંભળ્યું છે ને **'આપ્યું તાપ્યું લાંબાં ટાઈમ પહોંચે નહીં'** જે આવ્યું હોય તેને એક દિવસ વે'લું મોડું જવું જ પડે છે.

**આવેલા કોઈ કાયમ ન રહી શકે,**
**ભેળા ભેળા કાયમ ન રહી શકે,**
**આવેલા તો રવાના થવાના,**
**અહીંનું અહીં છોડીને જવાના.**

संयोगान्ता विपर्योगान्ता भवन्ति ।

જેનો જેનો સંયોગ થાય તેનો વિયોગ થયા વિના રહેતો નથી. જેટલા આ દુનિયામાં આવ્યા એનો વિયોગ થયો,

**આયા હે સો જાયેગા, રાજા રંક ફકીર,**
**કોઈ અંબાડી ચલચલે, કોઈ બોધ જંજીર.**

તો આ આત્મજ્ઞાનના પ્રસંગમાં શ્રેય અને પ્રેયનો પ્રસંગ બતાવ્યો પછી નચિકેતાની પ્રશંસા કરતાં કહ્યું કે, હે નચિકેતા ! તને મેં ઘણો લોભ આપ્યો છતાં તે એની ઈચ્છા ન રાખી નચિકેતાએ કહી દીધું કે, હે ભગવાન ! આ જે કાંઈ તમારા હાથી ઘોડા છે એ તમારી પાસે રહે. આ ભોગો તો ઈન્દ્રિઓનું તેજ હણવાવાળા છે. એટલે મારે તો એ જ વરદાન જોઈએ છે. આયુષ્ય ને ધન તો હવે તમે રાજી થયા એટલે એમનામ જ મળવાના છે. એ મારે માંગવાની કાંઈ જરૂર નથી. જેમ તમે સારે ઘરે ગયા તો ભોજન તો વગર માંગ્યે જ મળવાનું છે. જે નો મળે એ માંગવાનું...જેમ તમે અહીં આવ્યા તો ભોજન તો આપણું બનતું'તું પણ જ્ઞાન લેવાનું હોય. શું કરવાનું હોય ? બોલો ? ખાવા-પીવાનું તો દુનિયામાં જયાં જાવ ત્યાં ચાલું જ હોય છે. એટલા માટે એણે કહ્યું કે, આયુષ્ય અનુસાર ભાગ્ય અનુસાર સંસારના ભોગો તો મળતા રહેશે. પણ મારે તો આ જ જ્ઞાન જોઈએ છે. ત્યારે નચિકેતાની પ્રશંસા કરી કહ્યું, કે તું વિદ્યા અર્થી છો. વિદ્યાની ઈચ્છાવાળો છો. તને ધન્ય બહુ ભાગ્ય છે. કેમ કે જે લોકો પ્રેયનું વરણ કરે છે એ મંદ છે અને શ્રેયનું વરણ કરે એ ઉત્તમ છે. વિદ્યા દ્વારા શ્રેય (કલ્યાણ) થાય છે અને ભોગો પ્રિય થાય છે પણ શ્રેય થતું નથી એટલે લોકોને તાત્કાલીક સારું લાગે પણ પાછળથી લાભ નથી કરતું એ શ્રેય (કલ્યાણ) નથી કરતું. ઘણી વસ્તું એવી હોય કે જીભને ખાવાની સારી લાગે પણ પેટમાં જઈને નુકસાન કરે તો જીભને પ્યારી લાગે પણ અંદર નુકસાન કરે. એમ આ ભોગો જે સંસારના છે એ ઉપરથી સારા છે પણ અંદરથી વાસના વધારીને જન્મ-મરણના ચક્કરમાં નાખવા વાળા છે એટલે એ પ્રસંગને બતાવવા અવિદ્યાનો પ્રસંગ બતાવ્યો હતો અને સાથે સાથે બતાવ્યું હતું કે આ જે પરલોક છે અજ્ઞાની જીવો **'वित्त मोहेन मूढं ।'** પૈસાના મોહમાં મૂઢ થયાં અને દેખાતું નથી.

**न साम्परायः प्रतिभाति बालं**
**प्रभाद्यन्तं वित्तमोहेन मूढम् ।**
**अयं लोको नास्ति पर इति मानी**
**पुनः पुनर्वशमापद्यते मे ॥ ६ ॥**
**॥ १–२–६ ॥**

**ક્રમશ...**

# આધારની શુદ્ધિ

લેખક – શિવ

॥ જય સચ્ચિદાનંદ ॥

ભગવાન સર્વત્ર છે, સર્વદા છે, સચ્ચિદાનન્દઘન છે અને કોઈ પણ દેશ-કાળ-પાત્રમાં તેમની ગેરહાજરી નથી. આટલું હોવા છતાં, દરેકને તેનો અનુભવ કેમ થતો નથી ? કારણ એ છે કે, તેમનું તત્ત્વસ્વરૂપ બહુ જ પવિત્રમય અને સૂક્ષ્મતમ છે.

સૂક્ષ્મ તત્ત્વને જાણીને તેનો દ્રઢ આશ્રય કરવા માટે શરીર, મન અને બુદ્ધિરૂપી આધારને તેને અનુકૂળ બનાવવો પડશે.

જયાં સુધી શરીર અશુદ્ધ છે, ચિત્ત ચંચળ અને અપવિત્ર છે અને બુદ્ધિ સ્થૂળ અને વ્યભિચારિણી છે ત્યાં સુધી ઈશ્વરનો યથાર્થ અનુભવ થઈ શકતો નથી.

તપ, શૌચ અને આચારથી શરીરને શુદ્ધ કરો; સત્સંગ, ભગવન્નામ-જપ અને ભગવદ્ગુણોના ચિંતનથી ચિત્તને શુદ્ધ કરો; એકમાત્ર પરમ સત્ય પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરીને બુદ્ધિને સૂક્ષ્મ અને અવ્યભિચારિણી બનાવો.

ઈશ્વરનો અનુભવ થવામાં - દિલદારનાં દર્શન થવામાં - વાર નહિ લાગે.

માટે જ આધારની શુદ્ધિ પર આટલું જોર કરવામાં આવે છે. અશુદ્ધ આધારથી થનાર ભગવત્પ્રતિષ્ઠાના સાધનથી સાચો આનંદ નહિ મળે; કારણ કે, પરમ શુદ્ધનું પ્રતિબિંબ અશુદ્ધમાં બરાબર દેખાતું નથી. શ્રદ્ધાપૂર્વક સાધન કરતાં કરતાં જેમ જેમ આધાર શુદ્ધ થતો જશે તેમ તેમ પ્રભુનું પવિત્ર રહેઠાણ બનવાની તેની યોગ્યતા વધતી જશે અને સાચો આનંદ પણ મળવા લાગશે. ઓછા આનંદનો લાભ થવાથી વધારે આનંદની ઈચ્છા વધશે. તે ઈચ્છા સાધનરૂપી અગ્નિમાં બળતણનું કામ આપશે.

પરમ સત્યની પ્રતિષ્ઠા માટે આધારશુદ્ધિની ખૂબ જરૂર છે. આપણી ખામી એ છે કે અશુદ્ધ આધારમાં તેની ધારણા કરવા જઈએ છીએ અને તેમાં જયારે નિષ્ફળતા મળે છે ત્યારે, આધારની અશુદ્ધિનો વાંક કાઢવાને બદલે, સત્ય વિશે શંકા સેવીએ છીએ.

ખરું જોતાં તેમાં ભૂલ આપણી જ છે. શરીર, મન અને બુદ્ધિને યમ-નિયમાદિ સાધનો દ્વારા શુદ્ધ કરવા માટે અખૂટ પરિશ્રમ કરો. જયારે ભગવાનને ખાતરી થશે કે હવે આ આધારમંદિર શુદ્ધ, સ્વચ્છ અને દૈવી ગુણોવાળું બની ગયું છે ત્યારે, તેઓ જાતે જ વણનોતર્યા ત્યાં દોડયા આવશે. એનો અર્થ એવો નથી કે હાલ ભગવાન ત્યાં નથી. હાલ પણ ભગવાન છે ખરા, પરંતુ પ્રગટરૂપે દેખાતા નથી - છુપાયેલી દશામાં છે; પછી પરદો ખસી જશે એટલે તેનો સુખાનુભવ કરી તમે ધન્ય બની જશો.

જયાં સુધી આધારશુદ્ધિનો અભાવ છે, ત્યાં સુધી કોઈ સાચા મહાત્મા દ્વારા પણ તેમાં શકિતસંચાર કરવો બહુ જ કઠણ છે; કેમકે, અશુદ્ધ આધારમાં શકિતને દાખલ કરવી એ નાનીસૂની વાત નથી. અને જો બળજબરીથી તેમ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો શકિતને ત્યાંથી હારીને પાછા ફરવું પડે છે. કદાચ શકિતને તેમાં સ્થાન મળી ગયું તો તેનું વિપરીત પરિણામ આવવાની સંભાવના પણ રહે છે. જેમ તાંબાના પાત્રમાં બનાવેલી ખીર ઝેર જેવી થઈ જાય છે તેમ, અયોગ્ય પાત્રમાં નાખવાથી ઉત્તમ વસ્તુ અવળું ફળ આપી દે છે. એટલા માટે જ ઉચ્ચ કોટિના મહાત્માઓ આધારશુદ્ધિની પરીક્ષા કર્યા વિના અનધિકારી જીવોને ઊંચું જ્ઞાન આપતા નથી. અલબત્ત, આધારની શુદ્ધિ નિમિત્તે મહાત્માઓનો સંગ કરવાથી અને તેમની કૃપા મેળવવાથી જરૂર ફાયદો થાય છે. મહાપુરૂષોની અમીભરી દ્રષ્ટિ પડયા પછી શકિતનો સંચાર તરત થઈ શકશે.

પણ હા, બધા જ મહાત્માઓ શકિતસંચાર કરવામાં સમર્થ છે એવું માનવાની ભૂલ ન કરશો. ન તો બધાના સ્વભાવ એકસરખા હોય છે કે ન તો બધાની શકિત સમાન હોય છે. કેટલાક મહાત્માઓ, શકિત હોવા છતાં, તેનો ઉપયોગ કરતા નથી અને કેટલાક જણા, ઓછી શકિત હોવા છતાંય, ઝાઝું જોર કરે છે.

જે મહાત્માઓ શકિતપાત કરવાનો પ્રયત્ન કરે છે તેમાંથી કેટલાક તો એવી ઊંચી શકિત ધરાવતા હોય છે, કે પોતાની શકિતને જોરે જ તેઓ થોડેઘણે અંશે આધારને શુદ્ધ કરીને તેમાં શકિતની સ્થાપના કરે છે.

ગમે તેમ હોય, પણ આધારને શુદ્ધ કરવા માટે તનતોડ પ્રયાસ કરવા જોઈએ. આધારની શુદ્ધિ થયા પછી પરમાત્માની શકિતનો પ્રકાશ આપમેળે ઝળહળી ઊઠશે.

# સહનશીલતા

મનીષા કે. સાચપરા
(અઘેવાડા)

॥ જય સચ્ચિદાનંદ ॥

આજનાં આ યુગ વર્તમાન કાળમાં ગુરૂ સંતો આપણને વારંવાર સહન કરવાથી આપણી આયુ વધે છે અને જેમ જેમ ગુસ્સો કરવાથી આપણો અને આપણી ઈન્દ્રિયોનો નાશ પામે છે. આજના યુગમાં રહીને સહનશીલ બનવું તે ખુબ જ કઠિન છે અને સહનશીલતા ને પચાવવું તે અઘરું છે. પરંતુ સોનાને જેમ વધુ ટીપવામાં આવે તેમ તે વધુ ચળકાટ બનતું જાય છે. તેવી જ રીતે માનવી પણ પોતાના જીવનમાં રહીને આધિ, વ્યાધિ અને ઉપાધિ આવે તો તે પોતાના અનુભવના આધારથી ઘડાય છે. કોઈના ઉપર રહીને આપણે ખોટો ગુસ્સો કરીશું તો તે નુકશાન આપણને પોતાને જ થવાનું છે. એકવાર ક્રોધ થઈ જાય પછી આપણને બધું જ સમજાય જાય છે. કે મારાથી જે કંઈપણ થયું છે. તે કે જે કાર્ય પણ બન્યું છે તેનો પૂરેપૂરો અફસોસ આપણને પોતાને જ થાય છે. આજે આપણે સામેની વ્યકિતનો વિચાર નથી કરતા ત્યારે જ આપણે દુઃખી અને હેરાન, પરેશાન છીએ એટલે કે જીવનમાં રહીને સુખી થવું હોય તો સહનશીલ, નમ્ર અને વિનય-વિવેકી થઈએ જેમ કે મીણબત્તીની માફક જાતે બળો ને બીજાને પ્રકાશ આપો સોયની માફક પોતાને ઉઘાડા રાખીને બીજાના ઘા સાંધી દો આવી જ રીતે બે ચાર સાર કામ કરીએ. એક બીજાને ઉપયોગી થઈએ અને નિતનવું સર્જન કરીએ.

આવી રીતે ફુલોમાંથી સુંગધ લઈને સમાજમાં સંસ્કારોનું સિંચન કરીએ એ જ સજ્જન માનવીની સાચી ઓળખાણ છે. જીવનમાં રહીને સહનશીલ બનવું હોય તો તેના માટે ખૂબ જ સારા ગુણો કેળવવા પડે. સંતો મહાપુરુષોના ઉચ્ચ પવિત્ર વિચારો કેળવવા પડે. અનુભવના બોધપાઠ ઉપર ચાલવું પડે ત્યારે જ સહનશીલતાના ગુણ પ્રાપ્ત થાય છે. સહનશીલ માનવી તે છે કે જે સમાજમાં ભારતમાં, રાષ્ટ્રમાં, સારા ગુણો કેવળ પોતાનું નામ રોશન કરે છે. જીવનમાં રહીને કોઈ માણસ ભાગ્યે જ સહનશીલ બની શકે છે કે જેના જીવનમાં આવેલી તમામ મુશ્કેલીને પાર પાડવા સમર્થ બને છે અને તે ખૂબ જ આવશ્યક બની જાય છે. આજ આ યુગમાં માનવને સદ્‌ગુણનો અભાવ છે. દુર્ગુણોનો વ્યાપ વધારે છે. એટલે માણસમાં સહનશીલતા રહી નથી. તુરત ક્રોધ કરે છે અને ક્રોધમાં માનવ તુરંત આત્મહત્યા કરી નાખે છે અને ખરાબ વિચારે છે તો આ જીવન તમારે બીજા માટે જીવવાનું હોય છે તમાર મા-બાપનો વિચાર કરવાનો તમારા બાળકનો વિચાર કરવાનો કે હું તો મરી જઈશ પછી મારા માતા-પિતાની શી દશા થશે. મારા બાળકની શી દશા થશે. જો પાછળનો વિચાર કરશું તો તમને ખબર પડશે કે મારા બાળક અનાથ થઈ જશે. તેને સારું શિક્ષણ નહી મળે, સારા વૈભવ નહી મળે, તેમને માન પણ મળતું નથી. તો ત્યારે માણસને ક્રોધ આવે છે. ત્યારે સદ્‌ગુરૂને યાદ કરવાથી તમારા જીવનનું પાછળ વિચાર કરવાથી સહનશીલતા આવશે.

**દ્રષ્ટાંત** - રાજા જનકના દીકરી સીતાજી જે રાજકુંવરી વૈભવ અને સુખ સાહ્યોબીમાં મોટા થયા જમીન ઉપર પગ નથી મુકયો છતાં પણ પોતાના પતિ રામ સાથે ચૌદ વર્ષ વનવાસ ગયા. એટલું નહીં પણ ત્યાંથી સીતાજીનું રાવણ હરણ કરી ગયા અને રામે રાવણને મારીને સીતાજીને પાછા લાવ્યા પછી પણ અગ્નિપરીક્ષા લીધી અને પછી અયોધ્યામાં મહારાણી બન્યા પછી પણ લોક ચર્ચાને કારણે રામે સીતાજીનો ત્યાગ કર્યો. છતાં સીતાજીએ કોઈપણ પશ્ન કર્યા વગર અયોધ્યા છોડીને ચાલ્યા ગયાં. અને તો પણ તે રામનું સ્મરણ કરતાં હતાં. મજાની વાત એ હતી કે તો પણ સીતાજી પોતાના પિયરમાં પાછા ફર્યા નહીં. જનકપુરમાં પગ મુકયો નથી. આ જગતમાં એક જ સન્નારી છે તે પિયરમાં પગ મુકયો નથી તો યાદ કરો કે સીતાજી એ કેટલું સહન કરવું પડયું હશે. તો પણ આજે જગતમાં રામના નામની પહેલા સીતાજીનું નામ બોલાય છે. અને સીતારામ કહે છે. તો આને કહેવાય છે સહનશીલતા. નારી અને બહેનો ક્રોધ કરીને માતા-પિતાને ત્યાં જતી રહે છે. અને તેના માતા-પિતા સારી સલાહ પણ આપતા નથી. અને દીકરીનું ભવિષ્યનું વિચાર કર્યા વગર દીકરીનું લગ્ન છુંટું કરાવે છે અને છુંટા થયાં પછી દીકરીને અને તેના માતા-પિતાને પસ્તાવું પડે છે. એના કરતા તો ઉપરના દ્રષ્ટાંત પ્રમાણે સહનશીલ બનવું. જેથી કરીને દીકરીને પસ્તાવું ન પડે અને આ છે ક્રોધનું પરિણામ.

# ધારણ કરે તેનું નામ ધર્મ

રેખાબેન આર. મચાણી
(ભાવનગર)

॥ જય સચ્ચિદાનંદ ॥

પરમ આદરણીય પરમ કૃપાળું પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ભાવનગર આશ્રમે કરેલ સત્સંગ કથા પ્રવચન..... . પરમકૃપાળુ પરમાત્માની મહતિ અનુકંપાથી મંગળમય માનવ જન્મ મળ્યો છે. મંગળમય માનવ જન્મમાં જ મંગળમય પરમાત્મા પ્રાપ્ત થઈ શકે છે. મંગળમાં મંગળ પરમાત્મા છે. ભારતીય સંસ્કૃતિમાં માનવજન્મ સાર્થક કરવા મનુષ્ય જીવને પરમાત્માની પ્રાપ્તિ કરવા માટે અનેક પ્રકારના ઉપાયો બતાવ્યા છે. માનવ જન્મમાં ધર્મ. અર્થ, કામ અને મોક્ષ ચાર પ્રકારના પુરૂષાર્થ બતાવ્યા છે. એમાં ધર્મ તો ધર્મને માટે કહે છે.

"ધારણાત્ ધર્મ ઈતિ યાહૂહૂ" કે "જે ધારણ કરે તેનું નામ ધર્મ. જે અભ્યુદય ઉન્નતિ કરાવે." તો ધર્મ બહુ વિસ્તૃત છે. માનવ જીવનને માટે ધર્મ પાલન કરવાને યોગ્ય છે. ધર્મ ચરઃ ધર્મનું આચરણ કરો. ધર્મનું પાલન કરવા માટેનું સાધન માનવ શરીર છે. પશુઓને તો પેટ ભરવાની ખબર પડે ધર્મની નહીં. પશુઓને છૂટા મૂકે તો ગમે ત્યાં જાય. જ્યારે મનુષ્ય માટે તો પોતાનું લેવું તે ધર્મ કે બીજાના ખેતરમાંથી લેવું તે ધર્મ ? તો મનુષ્ય જાણી શકે છે કે આ પોતાનું છે અને આ પારકું છે.

જે કંઈ શાસ્ત્ર કે આજ્ઞા છે તે માનવ માત્રને માટે છે. પશુઓ માટે નહી માટે માનવે ધર્મ પુરુષાર્થનું પાલન કરવું જોઈએ.

માનવમાત્રનો ધર્મ શું? ઘણા લોકો સંપ્રદાયને ધર્મ સમેજ છે અને કહે છે કે અમારો આ ધર્મ નથી, અમારે ન જવાય. પણ ધર્મ શું કહેવાય તે તો જાણતા નથી. ધર્મનો અર્થ કે વ્યાખ્યા જાણતા નથી. ધર્મનો અર્થ કે વ્યાખ્યા જાણતા નથી. ધર્મ એટલે કર્તવ્ય, ફરજ છે. શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે માનવમાત્રે પોતાના કર્તવ્ય કર્મને ધર્મ સમજીને કરવા જોઈએ તો સિદ્ધિને એટલે મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. મોક્ષનો અર્થ શું થાય? તો કહે છે સર્વ દુઃખોથી છૂટી સુખમાં સ્થિર થવું તે મોક્ષ છે. મોક્ષનું બીજું નામ છે. આત્યન્તિક દુઃખ નિવૃત્તિ હવે આત્યન્તિક દુઃખ નિવૃત્તિ એટલે એક વખત દુઃખ આવીને જતું રહે પછી પાછું જ ન આવે તે. પણ આવું ન થાય. આમ દુઃખ દૂર થાય નહીં. સમજો. તમને એક વાર તાવ આવ્યા પછી જતો રહે પછી જીંદગીમાં ફરી તાવ ન આવે એ વાત સાચી? ના તો કહે છે કે આ આત્યન્તિક દુઃખ દૂર થાય કયારે ?

સુખી થવું એટલે દુઃખથી છૂટી સુખમાં સ્થિર થવું એનું નામ મોક્ષ.

શરીર એ રોગનું ઘર છે. તેમાં રોગ રહેવાનો, રહેવાનો ને રહેવાનો જ. એટલે શરીર છે એ સુખ આપી શકતું નથી. બાળક, યુવાન, ઘરડા બધાને કોઈ ને કોઈ રોગ હોય જ. છેલ્લે ચિંતા નામનો રોગ હોય છે. બાળકને રોગ ન હોય, તો બાળકને પણ કામ, ક્રોધ, લોભ, મોહ, એમાનો કોઈ રોગ છે. એટલે શરીરસુખ આપી શકતું નથી. અજ્ઞાન એ પણ દુઃખનું કારણ છે. અજ્ઞાની રહેવું એ જ મોટું દુઃખ છે. ભટકવું શા માટે પડે છે? તો અજ્ઞાનને લીધે ભટકવું પડે છે. એ અજ્ઞાન દૂર થાય કયારે? રૂપિયા મેળવવાથી એ અજ્ઞાન દૂર ન થાય. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જો એ ધર્મ હોય તો ધીરે ધીરે ધર્મથી જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. "ધર્મ સર્વમ્ સુખમ્ કારોતિ" ધર્મ માનવને સર્વ પ્રકારનું સુખ પ્રદાન કરી શકે છે. ધર્મ નિત્ય છે. કારણ ધર્મ મૃત્યુ પછી પણ સાથે આવે છે. અર્થ અને કામ અનિત્ય (પુરૂષાર્થ) અને મોક્ષ પરમ પુરૂષાર્થ છે. કારણ કે બધાને મોક્ષ પરમ પુરુષાર્થ કરવાનો અધિકાર છે નહી તો

**''હરીના જન તો મુકિત ન માગે.**
**માગે જન્મ જન્મ અવતાર.''**

જન્મ લેવા કયાં જવું પડે? માતાનાં ઉદરમાં, ત્યાં કેટલું સુખ મળે? જો એ બુદ્ધિની અંદર સમજાય જાય તો ફરી જન્મ લેવાની ઈચ્છા ન થાય. આના પછી

જન્મ મળે. પણ કયો જન્મ મળે? પશુ, પ્રાણી એ નક્કી તો છે નહીં. અને એ પણ નક્કી નથી કે સ્ત્રી મરે અને ફરી સ્ત્રી બને અને પુરૂષ મરે તો પુરૂષ બને.

શાસ્ત્રકારો કહે છે કે કર્મ અનુસાર શરીર મળે છે. એક વખત ભરત રાજા ગંડકી નદીને કિનારે તપસ્યા કરવા ગયા. ધીરે ધીરે સાધના કરતા હતા ત્યારે એકવાર તળાવને કિનારે મૃગલી પાણી પીવા આવી અને સિંહે ગર્જના કરી. મૃગલી સિંહથી બચવા માટે બધી જ શકિતથી નદી કૂદી ગઈ પણ કુદતી વખતે તેના ગર્ભનું બચ્ચુ પાણીમાં પડી ગયું અને તણાતું ગયુ. ભરતજીએ આ જોયું. મૃગલી મરી ગઈ. ભરતજીએ બચ્ચાને પાણીમાંથી બચાવી લીધું. પોતાની ઝૂપડીમાં લઈ ગયા. બચ્ચાએ દૂધ પીધું નથી તો બચ્ચાને કેમ બચાવવું? પછી વિચારી દૂધ લાવીને બચ્ચાને પાયું અને બચ્ચુ આમ દૂધ પીતા પીતા ધીમે ધીમે મોટું થતું ગયુ. બચ્ચાના લાલન-પાલનમાં ભરજીની સાધના ધીમે ધીમે છૂટતી ગઈ અને બચ્ચાનાં મોહમાં ફસાયા અને વિચારવા લાગ્યા કે હું ઘરડો થઈશ પછી મરી જઈશ ત્યારે આ બચ્ચાનું શું થશે? એમ એ બચ્ચામાં ભરતજીને આસકિત થઈ. આ આશકિતને લઈને ભરત રાજા બીજા જન્મમાં મૃગ થયા. આમ આસકિતથી જન્મ(શરીર) મળે છે. નહીં તો શાસ્ત્રો ખોટા થઈ જાય. મહાભારતના ચિંત્રાગન અને વિચિત્રવિર્યની પત્ની અંબા અને અંબાલીકામાં અંબા જે સ્ત્રી હતી તે ભીષ્મ સાથેનું વેર વાળાવાની આસકિતથી બીજા જન્મમાં પુરૂષ થઈ જન્મે છે તે શિખંડી છે. આ શિખંડી દ્રોપદીનો ભાઈ છે. શાસ્ત્રનું મૂળ, બધાનો ધર્મ હોય તો તે વેદો છે. બધું વેદમાંથી બહાર આવ્યું છે. જ્યાં સુધી શાસ્ત્રો પર વિશ્વાસ નથી ત્યાં સુધી જ્ઞાન ન થઈ શકે તેને માટે (૧) સામાન્ય ધર્મ, (૨) શાસ્ત્રીય ધર્મ, (૩) લૌકિક ધર્મ, (૪) પરમ ધર્મ બતાવ્યા છે. સામાન્ય ધર્મના દસ લક્ષણો બતાવ્યા છે. (૧) ધીરજ રાખવી, (૨) સહનશીલતા રાખવી, (૩) ઈન્દ્રિયોનો સંયમ રાખવો, (૪) ચોરી ન કરવી, (૫) પવિત્રતા રાખવી, (૬) વિદ્યા પ્રાપ્ત કરવી. (૭) બુદ્ધિ સારી રાખવી, (૮) ક્રોધ ન કરવો, (૯) ઉદ્વિગ્ન ન બનવું. (૧૦) અવિરુદ્ધ જીવન જીવવું.

શાસ્ત્રીય ધર્મમાં શાસ્ત્રો કહે તેમ કરવું તે તથા લૌકીક ધર્મમાં લોકો કહે તેમ કરવું તે અને પરમ ધર્મમાં પ્રત્યેક માનવનો પરમ ધર્મ છે. પરંબ્રહ્મ પરમાત્માની ભકિત કરવી તે. દરેક ધર્મમાં જવું એને માટે ભકિત કરો. અહેતુક ભકિત કરો. અહેતુક ભકિત એટલે કોઈપણ ફળની ઈચ્છા વગરની ભકિત કરવી અને એવું કોઈ માને કે ફળ વગરની ભક્તિ થાય નહીં તો તે અજ્ઞાન છે. પણ મારો ધર્મ છે, આ શરીર છે ત્યાં સુધી મારે ભકિત કરવી જ છે. ભગવાનની ભકિત ફળની ઈચ્છા વગર કરવી એ પ્રત્યેક માનવનો પરમ ધર્મ છે. જો ભકિત પાછળ ફળની ઈચ્છા હોય તો અધ્યાત્મિક પ્રગતિ થઈ શકે નહીં. ફળની ઈચ્છા રાખીએ તો અંતઃકરણ શુદ્ધ થઈ શકે નહીં.

નિષ્કામભાવથી કરેલ ભકિતથી અંતઃકરણ શુદ્ધ થાય. આપણુ અંતઃકરણ શુદ્ધ છે કે નહીં તે કેમ ખબર પડે? જો મનમાં કોઈ પણ જાતની કામના ન થાય તો અંતઃકરણ શુદ્ધ છે તેમ સમજવું. પણ જો કોઈ સંકલ્પ વખતે મનમાં કામના છે. ત્યાં સુધી અંતઃકરણ અશુદ્ધ છે માટે અધ્યાત્મિક માર્ગે જે ઉન્નતિ થવી જોઈએ તે અંતઃકરણ અશુદ્ધ હોવાને લીધે થતી નથી. એટલે જ શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે તારો કર્મ કરવામાં અધિકાર છે. ફળમાં તારો અધિકાર નથી અને ફળની ઈચ્છાને લીધે જ બંધન થાય છે. આત્માને બંધન હતું નહી, છે નહી અને થાશે નહી. આત્મા તો મુકત છે પણ ફળની ઈચ્છાને લઈને જીવને એવું લાગે છે કે હું બંધાયેલો છું.

**દ્રષ્ટાંત :–**

ઘરમાં ઉંદર મુકત રીતે ફરે છે તેને પકડવા શું કરશો ? પાંજરું મુકશો. તેમાં ખાવાનું મૂકો અને પછી રાત્રે ઉંદર ફરતો ફરતો આ પાંજરામાં વિશિષ્ઠ (વિશેષ) ખાવાનું દેખાય અને તે ખાવા માટે અંદર જાય છે. અંદર ગયા પછી બહર નીકળી શકતો નથી. સવારે જોશો તો પહેલા ઉંદર મુકત હતો. હવે તે ખાવાની ફળની ઈચ્છાથી પાંજરામાં બંધાયો (પૂરાયો) છે. એમ આપણો જીવ ફળની ઈચ્છાથી બંધનમાં બંધાય છે. આમ કર્મ બંધન થાય છે.

તેવી જ રીતે વાંદરાને પકડવો હોય તો વાંદરાને

પકડવા સાંકડા મોઢાવાળું વાસણ લો. તેમાં ચણા નાખો, ચણા વાંદરાને બહુ ભાવે એટલે પછી વાંદરો ચણા ખાવા વાસણની અંદર હાથ નાખે અને મુઠ્ઠી ભરે પછી મુઠ્ઠી ખોલે નહી ત્યા સુધી બહાર હાથ આવે નહીં. તે ફળની ઈચ્છાથી મુઠ્ઠી ખોલે નહીં. હાથ બહાર આવે નહીં. એટલે ચિલ્લાવા માડે. અવાજ સાંભળી વાંદરાને પકડનાર આવીને જુએ વાંદરો પકડાઈ ગયો છે અને તેને પછી દોરડીથી બાંધી લે છે. આમ ચણાના ફળની મુઠ્ઠી ખોલતો નથી અને વાંદરો બંધનમાં આવે છે. તેમ જ એટલે કે તેવી જ રીતે આપણો જીવ ફળની ઈચ્છાથી બંધનમાં આવે છે.

આત્મા તો મુકત છે પણ નક્કી કરવાનું છે આત્મા છો કે નથી.

આત્માને માન-અપમાન નથી. આત્માને હરખ-શોક નથી. જો તમે આત્મા છો તો તમને માન અપમાન નથી કે સન્માન નથી. અને હરખ-શોક પણ નથી. દેહનું સન્માન કરવાથી દેહ ફુલાઈ જાય છે. પણ આત્મામાં માન-અપમાનની કોઈ અસર થતી નથી. પણ આપણે જો આપણને આત્મા માનીએ તો ! એ આત્મજ્ઞાન અંતઃકરણ શુદ્ધ હોય તો થાય. અંતઃકરણ શુદ્ધ હોય તો ભકિત થાય. પણ જો અંતઃકરણમાં રાગ-દ્વેષ હોય.

**''રાગ-દ્વેષ રહ્યા રૂદિયામાં,અનેક દુઃખ ઉપજાવે,**
**કલ્પદ્રુમ ચિંતામણી સરખી,પ્રભુ ભક્તિ ન ભાવે રે,**
**જંજાળી જીવડે મુકિતની જુકિત ન જાણી.''**

જય અને વિજય પરમાત્માનાં પાર્ષદો દ્વારપાળ છે. એ દ્વારપાળ ભગવનાના દર્શન કરવા અમુકને જવા દે, અમુકને ન જવા દે એમ રાગ-દ્વેષ રાખતાં હતાં. સન્નત કુમારોને ભગવાનનાં દર્શન કરવા જતાં રોકયા અને કહ્યું કે ભગવાનના દર્શન કરવા જવું હોય તો કઈ રીતે જવાય ખબર છે? આમ ને આમ કપડા વગર ન જવાય. તમને ભગવાનના દર્શન કરવા જવા દેવામાં નહીં આવે. તો અહિં ભગવાનના દર્શન કરવા જવા દેવામાં રાગ-દ્વેષ રાખે છે એટલે સન્નત કુમારોએ જય-વિજયને રાક્ષસ થઈ પૃથ્વી પર રહો એવો શ્રાપ આપ્યો અને જય-વિજય એ શ્રાપના કારણે હિરણાક્ષ અને હિરણ્યકશિયુ રાક્ષસ થયા. કેમ કે ભકિત કરીએ અને જો રાગ-દ્વેષ થાય તો તે ભકિત થઈ શકતી નથી. રાગ-દ્વેષ દૂર કરવા નિષ્કામ ભકિત કરી અંતઃકરણ શુદ્ધ કરવું જોઈએ.

જ્યારે આપણે થોડું આપીને વધારે મેળવવાની ઈચ્છા રાખીએ છીએ જેમ કહે છે કે હે હનુમાનજી મને જો લોટરી સવા લાખની લાગશે તો સવાશેર તેલ ચડાવીશ. આવો સંકલ્પ કરે છે.

કહેવાનો અર્થ મનની અંદર અશદ્ધ કામના છે એટલે અંતઃકરણ શુદ્ધ થતું નથી. એમ અંતઃકરણનું પાત્ર જો ખાલી હોય, શુદ્ધ હોય તો તેમાં જ્ઞાન ઉતરે એટલે અંતઃકરણ શુદ્ધ હોવું જરૂરી છે. કર્મનું ફળ કોઈ દિવસ ખાલી જતું નથી. તેનું ફળ મળવાનું, મળવાનું ને મળવાનું જ છે. સારા કર્મોનું ફળ સારું અને મોળા કર્મોનું ફળ મોળુ મળે છે. પણ ફળ તો મળે જ છે. પણ આપણને ફળની ઈચ્છા કરતાં આવડતું નથી. ખેતરમાં ઘઉં વાવો, કપાસ વાવો પછી વીઘે કેટલા ઘઉં કે કપાસની ઈચ્છા કરશો? પણ તમે ઓછી ધારણા કરો છો અને ભગવાન વધારે આપવા ઈચ્છે છે તો કેવી રીતે આપી શકે? એટલે એવું કહો કે ભગવાન તારે જે દેવું હોય તે દેજે. પછી જુઓ નિષ્કામ કર્મના ફળની કેટલી તાકાત છે.

શ્રી કૃષ્ણને શેરડી ખાતા ફાંસ વાગી અને લોહી નીકળ્યું ત્યારે દ્રોપદી સાથે હતાં તે જોઈ તેણે ઝટપટ પોતાની સાડીનો છેડો ફાડીને તરત જ પાટો બાંધી દીધો. ત્યારે દ્રોપદીએ નવી સાડી છે એવો કાંઈ વિચાર કર્યા વગર સાડીનો છેડો ફાડી ભાવથી પાટો બાંધી દીધો હતો. તેના બદલામાં જરૂર પડે સમયે ભગવાને દ્રોપદીને નવસો નવ્વાણું સાડી આપી ચિરહરણ વખતે રક્ષા કરી. સાડીના પાટાના તાર જેટલી સાડી આપી. કારણ તે વખતે દ્રોપદીએ ધર્મ સમજીને લોહી બંધ કરવા માટે પાટો બાંધ્યો હતો. ત્યારે તેના મનમાં કોઈ કામના ન હતી. મદદ કરવાની ભાવના હતી. આ છે નિષ્કામ કર્મનું ફળ.

પણ આપણને કર્મ કર્યા પછી તેનું ફળ કેટલું માગવું તે પણ આવડતું નથી.

શ્રી કૃષ્ણ ભગવાનને સુદામાએ બે મુઠ્ઠી પૌવા કોઈ કામના વગર ખવડાવ્યા હતાં. મિત્રને મળવા

જઈએ તો ખાલી ન જવાય એવા વિચારથી પૌંવા લાવ્યા હતાં અને ખવડાવ્યા. નિષ્કામ ભાવથી પૌંવા ખવડાવે છે. એ બે મુઠ્ઠી પૌંવા ભગવાને ખાધા અને સુદામાને ખબર પણ ના પડી એવી રીતે બે લોકની સંપત્તિ આપી દીધી. પહેલાના સમયમાં અનાજને બદલે ફળ-શાકભાજી મળતાં એટલે કે અનાજના દાણાના વજન સામે ફળ અથવા શાકભાજી જે જોઈએ તે મળતું. એક વખત બાળપણમાં ભગવાનને માતાજીએ અનાજનો ખોબો ભરી આપ્યો અને અનાજનાં બદલામાં ફળ લેવા મોકલ્યા. ભગવાન ફળવાળી પાસે પહોંચ્યા ત્યાં સુધીમાં ખોબામાંથી નીચે જગ્યા રહેવાથી અનાજના દાણા નીચે પડી જવાથી ખોબો ખાલી થઈ ગયો અને ભગવાને ફળવાળીને કહ્યું કે મારી માતાએ ખોબો ભરીને અનાજ આપ્યું હતું. તો તેના બદલામાં ફળ ખોબો ભરીને આપો. ત્યારે ફળવાળીને અનાજના દાણા ન મળવા છતાં બાળક જાણીને બાળકના ખોબા પ્રમાણે નિષ્કામ ભાવથી ફળ આપ્યું. તો ભગવાને બાળસ્વરૂપમાં ફળવાળીની પરીક્ષા કરવા માટે ખોબો માટો કર્યો. તો ફળવાળીએ એક-બે એમ ફળ મૂકયા. ભગવાને ખોબો હજુ માટો કર્યો તો ફળવાળી નિષ્કામભાવથી ફળનો આખો ટોપલો ખોબામાં ખાલી કરી દીધો અને ત્યાંથી ચાલવા લાગી તો ભગવાને પ્રસન્ન થઈ તેનો આખો ટોપલો રત્નથી ભરી દીધો. આ નિષ્કામ કર્મનું ફળ છે.

હવે, ફળવાળીએ વિચાર્યું અને આ બધુ પોતાનું નથી એમ નક્કી કરી પોતાના ફળની જેટલું ફળની કિંમત જેટલું રાખી બાકીનું બધુ મુઠ્ઠી મુઠ્ઠી જે સામે મળ્યા તેને વહેંચી દીધું. પણ આમ, ફળવાળીની જેમ આપણને નિષ્કામભાવે કર્મ કરવાની ઈચ્છા થતી નથી. પણ જો આપણે નિષ્કામ કર્મ ધર્મ સમજીને કરીએ તો અંતઃકરણ શુદ્ધ થાય.

**'અંતઃકરણ હોય ઉજળા જડ તિમિર ટળી જાય'**

તો ભકિત કરવી એ માનવનો પરમધર્મ છે. પણ એ અમારો ધર્મ નથી એવું માને છે એ જ મોટું અજ્ઞાન છે તો ધર્મ કરો. ધર્મ કરવા પ્રયત્નો કરવા. અને એના માટે જ્ઞાન લેવા સદ્‌ગુરૂને શરણે જવું.

**ક્રમશઃ**

## ગુરૂ અને સાધક

**વાઘાણી ધવલ ચંદુભાઈ**
**નાના સુરકા**

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પરમાત્માનાં નિર્ગુણસ્વરૂપની પ્રાપ્તિ કયારે થઈ ગઈ કહેવાય ? નિર્ગુણસ્વરૂપની પ્રાપ્તિ પ્રમાણ શું ?

**ગુરૂદેવ**

પરમાત્માનું નિર્ગુણસ્વરૂપ પકડાતું નથી. એ પ્રાપ્ત થતું નથી. એને સમજવાનું હોય છે. અનુભવવાનું હોય છે. કોઈ ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિ થાય અને તે વિખૂટી પણ પડી જાય છે. પરંતુ પરમાત્મા ભૌતિક વસ્તુ નથી એતો નિત્ય પ્રાપ્ત જ છે. એ નિત્ય પ્રાપ્ત પરમાત્માને આપણે ઓળખી લેવાના હોય છે. જેમ કે આકાશ કયારે પ્રાપ્ત થયું ? કોને પ્રાપ્ત થયું ? કેવી રીતે પ્રાપ્ત થયું ? એવો જ પ્રશ્ન જ નથી કેમ કે આકાશ તો બધે હોય જ છે. બધે વ્યાપક છે. એને પકડી શકાતું નથી, જોઈ શકાતું નથી. એને છેદી શકાતું નથી, બાળી શકાતું નથી, એની કોઈ સીમા નથી. આકાશ અનંત છે. અમાપ છે, અસીમ છે. એવી જ રીતે પરમાત્મા આકાશથી પણ સૂક્ષ્મ અને વ્યાપક છે. નિર્ગુણ પરમાત્માને ફક્ત માનવાના હોય છે. એ ઈન્દ્રિયોની પકડમાં આવતા નથી. નિર્ગુણ પરમાત્મા ન હોય તો સગુણ સ્વરૂપ બની ન શકે. જેમ કે પાણી ન હોય તો બરફ થઈ જ ન શકે. આકાશ ન હોય તો વાદળીઓ આવી જ ન શકે. એવી રીતે પરમાત્મા બધાના આધાર, અધિષ્ઠાન છે, તત્ત્વસ્વરૂપ છે. તત્ત્વસ્વરૂપને માનવાનું જ હોય છે. અનુભૂતિનો વિષય છે. નિર્ગુણ પરમાત્મા કદી દેખાતા નથી.

જગતનો કોઈ કર્તા, અધિષ્ઠાન આધાર છે જ કે જેમાંથી આ જગત ઉત્પન્ન થયું છે. સોનું હોય તો દાગીના થાય. માટી હોય તો એમાંથી ઘડો વગેરે બધા વાસણો થાય. એમ નિર્ગુણ પરમાત્મા હોય તો જ આ

સગુણરૂપી જગત ઉત્પન્ન થાય છે. દરિયામાં પાણી હોય તો જ મોટા મોટા મોજાઓ, તરંગો, પાણીની ઝણ વગેરે થાય. પરંતુ જો પાણી જ ન હોય તો એ કાંઈ ન થાય. એવી જ રીતે જો નિર્ગુણ સ્વરૂપ જ ન હોય તો સગુણ પરમાત્માની પ્રતીતિ જ ન થાય. આથી સવગુણ સ્વરૂપ જ એમ બતાવે છે કે પરમાત્માનું નિર્ગુણ સ્વરૂપ છે જ. સગુણ પરમાત્મા તો આવીને, પ્રતીતિ કરાવીને જતા રહે છે. સાધકને જેવો ભાવ હોય એવા સ્વરૂપમાં દર્શન આપે છે. સાધકો-ભક્તોનો આત્મ જ તેના ભાવ અનુસાર સગુણ સ્વરૂપ ધારણ કરી લે છે. તેનો આત્મા જ પરમાત્મા થઈ જાય છે. રામ, કૃષ્ણ, શિવ, જગદમ્બા, ગણપતિ વગેરે સ્વરૂપે આવી જાય છે.

કોઈવાર લાકડાના ઘર્ષણ થવાથી અગ્નિનો ભડકો થાય અને વાળી પાછો સામાન્ય અગ્નિમાં વિલીન થઈ જાય છે. એમ જયારે સાધકો ભક્તોનો ભાવ વધી જાય, પરમાત્માની વિરહ અસહ્ય થઈ જાય ત્યારે પરમાત્માનું સગુણ સ્વરૂપ પ્રગટ થઈ જાય છે અને દર્શન આપીને પાછું નિર્ગુણ સ્વરૂપમાં વિલીન થઈ જાય છે. વ્યાપકતત્ત્વમાં ભળી જાય છે.

પરમાત્માના નિર્ગુણ સ્વરૂપમાં શ્રુતિ, સ્મૃતિ, શાસ્ત્રો અને ઉપનિષદો પ્રમાણ છે. સત્યં જ્ઞાનમનંતં બ્રહ્મ, 'એકોઽહં દ્વિતીયો નાસ્તિ', 'એકમ દ્વિતીયં નેહ નાનાસ્તિ કિંચન' આ જે જગત પ્રતીત થઈ રહ્યું છે એ પણ બતાવે છે કે આવડા મોટા જગતને બનાવવા-વાળું, ચલાવવાવાળું કોઈ તત્ત્વ તો છે જ. એ તત્ત્વ એટલે જ પરમાત્મા. એત્વ બધાનું અધિષ્ઠાન છે. ઉપનિષદ્‌માં પણ એનું પ્રમાણ છે. જેમ કે, 'ઈશા વાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ ।' ગીતા પણ કહે છે કે,

**ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ ।**
**ભ્રામયન્સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥**

(ગીતા ૧૮/૬૧)

આજે નામરૂપ દેખાઈ રહ્યું છે તે કાંઈ કોઈ આધાર વિના થયું નથી. એનો કોઈ આધાર તો છે જ. કોઈ બાળકને તમે જુઓતો એમ નક્કી થાય કે તેના માતા-પિતા તો કોઈ હશે જ. માતા-પિતા વિના બાળકનો જન્મ જેમ અસંભવ છે તેમ પરમાત્મા વિના આ સૃષ્ટિની ઉત્પતિ અસંભવ છે.

પરમાત્માના નિર્ગુણ સ્વરૂપની સિદ્ધિ અનુમાન પ્રમાણથી કરવામાં આવે તો એમ કહી શકાય કે જેમ કે, જ્યાં ધુમાડો હોય ત્યાં એવું અનુમાન થઈ શકે કે ત્યાં અગ્નિ હોય જ. અગ્નિ હોય તો જ ધૂમાડો થઈ શકે. એવી જ રીતે નામ રૂપાત્મક જે આ જગત્ બનેલું છે. તેનું કારણ તો કોઈ હોય જ. કેમ કે કારણ વિના કાર્ય થઈ શકતું નથી. એ સિદ્ધાંત છે. એ કારણ એટલે જ પરમાત્મા. એ પરમાત્માંથી જ આ સંપૂર્ણ ચરાસર જગત ઉદ્‌ભવ્યું છે. જેમ કે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચેય ભૂતો તેની તન્માત્રાઓમાંથી ઉત્પન્ન થયા છે. શબ્દમાંથી આકાશ, સ્પર્શમાંથી વાયુ, રૂપમાંથી તેજ, રસમાંથી જળ અને ગંધમાંથી પૃથ્વી એમ પાંચ ભૂતો ઉત્પન્ન થયા છે. તન્માત્રા નિર્ગુણ કહેવાય છે. એમાંથી આ પાંચ ભૂતો સગુણરૂપે ઉત્પન્ન થયા છે. ઈન્દ્રિયો ખરેખર તો અતીન્દ્રિય છે, નિર્ગુણ છે. એ દેખાતી નથી. પણ એની ખબર ક્યારે પડે ? જ્યારે આંખ રૂપને જોઈ શકે, કાન શબ્દને સાંભળી શકે, નાસિકા ગંધ લઈ શકે, જિહ્વા સ્વાદ લઈ શકે, ત્વચા સ્પર્શનો અનુભવ કરી શકે. એમ જ્યારે આ બધા વિષયોનું જ્ઞાન થાય ત્યારે માની શકાય કે આ જ્ઞાન કરાવવાવાળી ઈન્દ્રિયો છે. જ્યાં સુધી આ બધું જ્ઞાન થાય ત્યાં સુધી શરીર જીવતું કહેવાય છે. જ્યારે મૃત્યુનો સમય આવે ત્યારે ઈન્દ્રિયોમાંથી તેના દેવતાઓ જતા રહે છે. આમ, ઈન્દ્રિયો નિર્ગુણ છે. દેખાતી નથી. માત્ર તેના દ્વાર વિષયોનું જ્ઞાન થાય છે.

એમ નિર્ગુણ પરમાત્મા સતા સ્વરૂપ છે. તેમની સતાથી આ બધું જગત સતાવાળું થાય છે. રામચરિત માનસમાં આવ્યું છે કે,

**જાસુ સત્યતા તે જડ માયા ।**
**ભાસ સત્ય ઈવ મોહ સહાયા ॥**

ભગવાન સત્ય છે એટલે એમાં બનેલું જગત સત્ય જેવું લાગે છે. ગુણરહિત જે હોય એ દેખાય નહિ. જે ગુણવાળું હોય તે જ દેખાય છે.

# મૃત્યુનો મહિમા (ભાગ-૧)

હસમુખ પટેલ

॥ જય સચ્ચિદાનંદ ॥

મિત્રો મૃત્યુનો મહિમા સમજવા માટે ૧૦ પાના લખાણ ઓછું પડે. મૃત્યુનો મહિમા સમજવા માટે આખુ પુસ્તક પણ ઓછું પડે. છતાં મિત્રો બે ભાગમાં મૃત્યુનો મહિમા સમજાવવા પ્રયત્ન ટુકાણમાં સરળ ભાષામાં લેખ દ્વારા કોશીષ કરેલ છે. બંને ભાગ શાંતિથી વાંચી યોગ્ય ઉપયોગ કરશો તેવી આશા સાથે લેખ દ્વારા શરૂઆત કરીશું...

મુજ હૃદયમંદિરની પ્રેરક પ્રેમાળમૂર્તિ પરિવારનાં પારિજાતક પૂષ્પોસમી શ્રમ, સંયમ અને સ્નેહની સંસ્કારદાતા મારા માતુશ્રી સ્વ. અંબાબાને પ્રસ્તુત ચિંતન પુષ્પ મૃત્યુનો મહિમા સપ્રેમ અર્પણ દિવંગત આત્માને અમારા બલર પરિવારની સ્મરણાંજલિ !...

આપણા શાસ્ત્રો, મહાપુરુષો, અધ્યાત્મ આપણને કહે છે કે, સંસારમાં રહો, એના પદાર્થો સાથે પ્રેમ કરો, પરંતુ પોતાની વૃત્તિઓને એવી રીતે સંયમમાં રાખો કે જયારે તેને સંસારમાં જવું હોય ત્યારે જવાદો, જયારે તેને પ્રભુ સાથે જોડવાની હોય ત્યારે ત્યાં જોડો. ભગવાન સાથે મનને જોડેલું રાખો તો સંસાર બંધન નહિ રહે. જગતમાં સૌથી અમૂલ્ય ચીજ પોતાના પ્રાણ છે. આ પ્રાણને આપણા ૠષિઓ એ જીવ ચિંતકોએ આત્મ કહ્યો છે. આ આત્મા અજર અમર છે. મિત્રો, આ આત્માને જે જાણી લે છે. એને સંસારમાં ફરી વાર આવવું પડતું નથી. એ સ્વયં અમૃત બની જાય છે...

કુદરતી યોજના ગજબની છે. આ કુદરત એટલે કે નિયમોને રચનાર અને બનાવનાર પરમેશ્વર છે. જે આ વ્યવસ્થાને ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરે છે તે આપો આપ પરમેશ્વર સુધી પહોંચી જાય છે. આવી યોજનાઓમાંથી એક યોજના મૃત્યુ છે. મૃત્યુને સમજવા માટે ચાર દ્રષ્ટિકોણો મહત્ત્વના છે. (૧) કુદરતી (૨) ધાર્મિક (૩) પૌરાણિક અને (૪) વૈજ્ઞાનિક - કુદરતી દ્રષ્ટિએ મૃત્યુ એ અનિવાર્ય પ્રક્રિયા છે. તેમાંથી કોઈ પણ બાકાત નથી. જે જન્મે છે તે મૃત્યુ પામે છે જ એટલે કે તેનો કશો હર્ષ-શોક ન હોઈ શકે. મૃત્યુને ધાર્મિક-દ્રષ્ટિકોણથી પણ જોઈ શકાય. ચુસ્ત રીતે પરલોકવાદી અને સાથે સાથે પુર્નજન્મવાદી પણ છે. તેઓ કર્મના સિધ્ધાંતોને માનતા હોય છે એટલે મૃત્યુ પૂર્વના કોઈ કર્મ કે કર્મોનું પરિણામ છે અને તે અત્યારના અને પહેલાના બાકી રહેલા કર્મો ભોગવવાં માટેનો એક વિશ્રામ માત્ર છે. જેમ વસ્ત્ર બદલાય છે તેમ આત્મા શરીર બદલે છે. કર્મનો કર્તા અને ભોક્તા જીવાત્માતો એનો એજ રહે છે અને ફર્યા કરે છે. આત્મા મિત્રો અવિનાશી છે. જયારે શરીર નાશવંત છે. એટલે નશ્વરતાને લાખો પ્રયત્નોથી પણ રોકી શકાય નહીં.

મૃત્યુનો સમજવાનો ત્રીજો દ્રષ્ટિકોણ પૌરાણિક છે. પુરાણોની ચિત્રવિચિત્ર કથાઓ સાંભળીને લોકોને રસ પડે. ભય પામે અને પ્રેરણા મળે એવી કથાઓનો ભંડાર છે. યમરાજ નામનો એ મૃત્યુ નિયંત્રક તત્વ ભયંકર દેખાવ, પાડાનું વાહન વગેરે દ્વારા મૃત્યુને વિકરાળ ઘટના બનાવવામાં આવી છે. મૃત્યુ વખતે જીવ-શરીરમાંથી છૂટો પડે ત્યારે ખૂબ જ વેદના થાય આવી સમજણથી માણસો મૃત્યુથી થરથરી ઊઠે છે. મૃત્યુને સમજવાનો ચોથો અને આધુનિક દ્રષ્ટિકોણ વૈજ્ઞાનિક છે. વિજ્ઞાન અને કુદરત એક જ સિક્કાની બે બાજુઓ છે. મૃત્યુ દ્વારા પણ મૃત્યુના રહસ્યને સમજી શકાય છે. એટલે મૃત્યુના રહસ્યને સમજવા અને પામવા માટે પણ વિજ્ઞાન વધુને વધુ પ્રત્યનો કરતું જ હોય છે.

મૂળમાં મૃત્યુનો મહિમા આ લેખ લખવાનો હેતુ કોઈ નિશ્રિત પરમ રહસ્ય પમાડી દેવાનો નથી. પરંતુ મૃત્યુવિષેના ભયજનક અને ખોટા ખ્યાલો તેમજ ખોટી માન્યતાઓમાંથી છોડાવીને સ્વસ્થતાપૂર્વક મૃત્યુની આખી પ્રક્રિયાને સમજાવવાનો છે એવું મને જણાય છે. આ લેખ ખૂબ જ શાંતિથી સમજણથી વાંચવાથી આત્મબળ વધશે અને જીવનપદ્ધતિમાં પણ સુધાર થશે એવું મને લાગે છે અંતે તો મિત્રો મૃત્યુને પણ આપણે પરમેશ્વર જ માનીએ છીએ એટલે પરમાત્માના રહસ્ય તો પરમાત્મા જ જાણે. આપણે તેમાંથી થોડી દ્રષ્ટિ કેળવી શકીએ.

એક સ્નેહીના મૃત્યુ પ્રસંગે સૌ પ્રથમવાર યુવાન વયે અને ત્યારપછી વારંવાર સ્મશાનમાં જવાનું થયેલું અને ત્યાં અવારનવાર મૃતદેહો આવતા જોયેલા તેના અગ્નિસંસ્કાર પણ પ્રત્યક્ષ રીતે નિહાળેલા સ્મશાનયાત્રા, સ્મશાનવૈરાગ્ય અને જીવન જીવવાનો અનુભવ થતાં મારા મનમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થયેલા, માનવમાત્રને જન્મધારણ કરીને મૃત્યુ જ પામવાનું હોય તો અમૂલ્ય માનવદેહનો ઉપયોગ કેવી રીતે કરવો ? કેવા કર્મો કરવાં ? જીવન કેવી રીતે જીવવું ? જીવન વ્યવહાર કેવી રીતે ગોઠવવો ? મૃત્યુનો ડર શા માટે રાખવો ? મૃત્યુનો સામનો કેવી રીતે કરવો ? મૃત્યુ પછી જીવન છે ખરું ? આત્મા શું છે ? આત્માનું અસ્તિત્વ છે ખરું ? મૃત્યુ પછી આત્માનું શું થાય છે ? - આ બધા પ્રશ્નોના જવાબો આ લેખમાં આપવાનો પ્રયત્ન કરેલ છે.

જેઓ આ લેખ વાંચી મૃત્યુનો મહિમા સમજશે. મૃત્યુનું રહસ્ય પામશે અને મૃત્યુના બોધને ગ્રહણ કરશે. તેઓ સૌના જીવનદર્શનમાં જરૂરથી પરિવર્તન આવશે અને તેમનું જીવન ધન્ય બની જશે. આ લેખ લખવામાં શ્રીમદ ભગવદ્‌ગીતા, વેદો. ઉપનિષદો, પ્રજાપતિ બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયનું સાહિત્ય તથા ગુજરાતી લેખકોના સંદર્ભોનો યથોચિત આધાર પણ લીધો છે તે સર્વોનો આભારી છું. આ લેખ લખવામાં મહાનુભાવો, મહાત્માઓ, વિચારકો, તત્ત્વચિંત્તકો, સંતો, લેખકોના પુસ્તક દ્વારા વાંચનથી જ્ઞાન મેળવેલ છે તે સર્વોનો આભારી છું. આ લેખ લખવામાં નડિયાદના સંતરામ મંદિરના મહંત શ્રી નારાયણદાસજી મહારાજ, સ્વામી સચ્ચિનાનંદજી અને જાણીતા સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માને પણ આ લેખ લખવામાં તેમનાં પુસ્તકોનાં સહકાર લેવા હૃદયપૂર્વક પ્રણામ તેમના આશીર્વચન અને અભિપ્રાય બદલ ધન્યતા અનુભવું છું.

જીવન એ જડ અને ચેતનાનો સંયોગ છે. માનવીના જીવનમાં શરીરએ સ્થૂળ છે. જયારે આત્મા એ ચેતન છે. જે જીવનને ધબકતું રાખે છે. જડ અને ચેતનનો વિયોગ થતાં મૃત્યુ થાય છે. જન્મ અને મૃત્યુએ જીવનરૂપી સિક્કાની બે બાજુઓ છે. જન્મ અને મૃત્યુએ જીવનરૂપી રથનાં બે પૈડાઓ છે. જીવન રૂપી રથને ચલાવવામાં બંને પૈડાની જરૂર પડે છે જેનું જીવન છે તેનું મરણ પણ છે. જીવન અને મૃત્યુ એ બંનેને ઓળખી લેવા જોઈએ. સમજી લેવા જોઈએ અને માણી લેવા જોઈએ. જે આ ત્રણ બાબતોને જાણે છે તેનો જન્મ એળે જતો નથી.

જીવન એ જન્મ પછી વીતેલી ક્ષણોનો સરવાળો છે. “આ દુનિયા સરસ છે અને જિંદગી તો એનાથી પણ સરસ છે. જિંદગીની હરપળ રસપ્રદ છે. માત્ર જિંદગી જીવવી એજ પૂરતું નથી. જિંદગીનો કોઈ ઉદેશ હોવો જોઈએ” ઘણા મહાનુભાવો જિંદગીના જીવનધ્યેય (Mission) ની પ્રાપ્તિ અર્થે પોતાનું જીવન જીવતાં હોય છે. આવી વિભૂતિઓ ઉદ્દેશ (Objective) સિધ્ધ કરવા જીવન સમર્પિત કરતાં હોય છે.

મૃત્યુની અંતિમપળોએ સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરથી જુદું પડે છે ત્યારે અંતિમ જીવનદર્શન થતું હોય છે અને સમગ્ર જીવનનું પ્રતિબિંત પડતું હોય છે. મહાન વિભૂતિઓ મૃત્યુની અંતિમપળોએ ઉચ્ચારેલા શબ્દો દ્વારા જીવનમંત્ર પણ આપતા ગયા છે અને એના કારણે આજે પણ તેઓ ચિરંજીવ છે.

શૈશવ, યુવાનીને વૃધ્ધાવસ્થા છે જીવનક્રમ, જીવે છે એ જેણે જિંદગીને જાણી હોય છે ! એવાય લોકો મળી જાય છે. અહીં જેણે “સૂરજ” પાનખરને પણ વસંતની જેમ માણી હોય છે.

મૃત્યુ એટલે શું ? - શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં લખ્યું છે કે ‘જૂનાં થયેલાં વસ્ત્રો ઉતારવાં એનું નામ મૃત્યુ.’ જે પ્રમાણે મનુષ્ય તેના જૂના વસ્ત્રો ઉતારીને નવાં વસ્ત્રો ધારણ કરે છે તે જ પ્રમાણે આ જીવ પણ જૂનું શરીર છોડી નવો દેહ ધારણ કરે છે. શ્રી માતાજી મૃત્યુની વ્યાખ્યા આપતાં લખે છે. “મૃત્યુ એ જીવનનો અંત નથી. આ જીવનમાંથી બીજા જીવનમાં જવાની શરૂઆત છે.” શ્રી મહાવીર સ્વામીએ મૃત્યુની સરસ વ્યાખ્યા આપી છે. ‘દેહ અને પ્રાણનો વિયોગ એ મૃત્યુ છે.” આ પળનું નામ આપ્યું છે “કાયોત્સર્ગ” એટલે કે શરીર છૂટી જવું. મૃત્યુમાં બધા શરીર છૂટી જાય છે પણ વાસના છૂટતી નથી. જેને મૃત્યુ કહીએ છીએ એ મૃત્યુ નથી.

**ક્રમશઃ**

ભગવાનદાસ
સુરત

**॥ જય સચ્ચિદાનંદ ॥**

જય સચ્ચિદાનંદ પરમાત્મને નમઃ

આ સંસારમાં મનુષ્ય શરીર કેવળ શ્રેષ્ઠ કર્મ કરીને પરમાત્માને પ્રાપ્ત કરવાને માટે જ મળ્યું છે. આથી આ અવસર કદી વ્યર્થ ન જવા દેવો.

દૈવી સંપત્તિવાળા સાધકો કામ, ક્રોધ, લોભને વશ ન થતાં પોતાના કલ્યાણ માટે આચરણ કરે છે, જેથી દુનિયાનું સ્વતઃ કલ્યાણ થાય છે. આનાથી વિરૂધ્ધ આસુરી પ્રકૃતિના માણસો આવા સજ્જન માણસોને મૂરખ સમજે છે અને તેમના પ્રતિદ્વેષ રાખે છે, કામ, ક્રોધ, લોભને કારણે ધર્મ અને સમાજની મર્યાદાનાશ પામે છે, જેનાથી દુનિયાનું ભારે અહિત થાય છે. આસુરી સ્વભાવવાળા મનુષ્યો કામ, ક્રોધ, લોભ પરાયણ હોય છે. તેઓ યજ્ઞ, દાન વગેરે શુભ કર્મો માત્ર કરવા ખાતર જ કરે છે, પોતાના કલ્યાણ માટે કશું કરતા નથી.

જેઓ પોતાના કલ્યાણને માટે શાસ્ત્રવિધિ અનુસાર ચાલે છે, તેમને પરમગતિ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રવિધિનો ત્યાગ કરવાથી મનુષ્યને સિધ્ધિ વગેરેની પ્રાપ્તિ નથી થતી, માટે મનુષ્યે શું કરવું જોઈએ ? તેને માટે ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ બતાવે છે.

**''તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥૨૪॥''**

અખિલ બ્રહ્માંડના અધિપતિ, સૃષ્ટિનિયંતા, પરમ પૂજ્ય પૂર્ણ પુરુષોત્તમપ્રભુ અખિલ બ્રહ્માંડના અધિપતિ, સૃષ્ટિનિયંતા, પરમપૂજ્ય પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ પ્રગટ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન પોતે, પોતાના અંશી-જીવાત્માને કહે છે.

આથી તારા માટે કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર (જ) પ્રમાણ છે, એમ જાણીને તું આ લોકમાં શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત થયેલું કર્તવ્ય કર્મ કરવા યોગ્ય છે. અર્થાત્ તારે શાસ્ત્ર વિધિ પ્રમાણે કર્તવ્ય-કર્મ કરવાં જોઈએ.

'તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ' - જે મનુષ્યોને પોતાના પ્રાણોનો મોહ હોય છે. તેઓ પ્રવૃત્તિ અને નિવૃત્તિ અર્થાત્ કર્તવ્ય અને અકર્તવ્યને ન જાણવાથી વિશેષરૂપે આસુરી સંપત્તિમાં પ્રવૃત થાય છે. એટલા માટે તું કર્તવ્ય અને અકર્તવ્યનો નિર્ણય કરવા માટે શાસ્ત્રને સામે રાખ.

જેમનો મહિમા શાસ્ત્રોએ ગાયો છે અને જેમનો વર્તાવ શાસ્ત્રીય સિધ્ધાંતો અનુસાર થાય છે. એવા સંત-મહાપુરુષોનાં આચરણો અને વચનો અનુસાર ચાલવું એ પણ શાસ્ત્રો અનુસાર જ ચાલવું છે. કારણ કે મહાપુરુષોએ શાસ્ત્રોને આદર આપ્યો છે, અને શાસ્ત્રોનાં અનુસાર ચાલવાથી જ તેઓ શ્રેષ્ઠ પુરુષો બન્યાં છે. વાસ્તવમાં જોઈએ તો જે મહાપુરુષો પરમાત્મ તત્ત્વને પ્રાપ્ત થયા છે, તેઓના આચરણો, આદર્શો, ભાવો વગેરેથી જ શાસ્ત્ર બને છે.

પ્રાચીન ઋષિમુનિઓએ જીવોના કલ્યાણને માટે અનુભવસિધ્ધજ્ઞાન મેળવીને પ્રયત્ન દ્વારા આચરણ કરીને શ્રેષ્ઠ ઉદાહરણો મનુષ્યની સમક્ષ મૂક્યા છે. શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ પરમાત્મા પરમ પૂજ્ય બ્રહ્મલીન સ્વામીજીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજે આપણને ત્રણ "વ" છોડવાની આજ્ઞા કરી છે.

"વિષય" "વ્હેમ" "વ્યસન" આ ત્રણે ત્યજવા યોગ્ય છે. જેને સદ્‌ગુરુ વચનમાં વિશ્વાસ. જેને કલ્યાણની આસ તે રહે સદ્‌ગુરુની પાસ સદ્‌ગુરુની સેવા કરવાથી શાસ્ત્રીય વચનો પાળવાથી શક્તિ મળે છે અને તે શક્તિથી મનુષ્ય કર્તવ્યનું પાલન કરી શકે છે.

સદ્‌ગુરુ મહારાજ જે જ્ઞાન આપણને કહી ગયા છે તેનું દ્રઢતાથી પાલન કરવું જોઈએ. શામાં પ્રવૃત થયું છે અને શામાંથી નિવૃત્ત થવું છે, પહેલા તો દ્રઢ કરવું કે "હું આત્મા છું" આ જે દેખાય રહ્યો છે, એ દેહ-શરીર હું નથી, હું આ શરીરમાં રહું છું. આ શરીરને સાચવવું જરૂરી છે એને શુધ્ધ અને પવિત્ર રાખવું જરૂરી છે. પણ એમાં મમત્વનો ત્યાગ રાખી આ શરીરથી સંબંધ-વિચ્છેદ કરવો અને અકર્તા ભાવદ્રઢ કરવો કે "હું કંઈ કરતો નથી" હું તો અસંગ છું મારે વિષયોની જરૂર નથી, જેથી વિષયોનો ત્યાગ કરવો અને આત્મભાવ દ્રઢ કરવો જરૂરી છે.

બીજું જે "વ્હેમ" તેનો ત્યાગ કરવો. અહીં જાવ તો કલ્યાણ થાય અને આમ કરૂં તો ભગવાન મળે.

આ બધું મનમાંથી કાઢી નાખવું અને જે પોતાનું કર્તવ્ય છે તેનું ફરજીયાત પણે પાલન કરવું.

**''સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિધ્ધિં લભતે નરઃ ।**
**સ્વકર્મ નિરતઃ સિધ્ધિં યથા વિન્દતિ તચ્છૃણુ ।।૪।।''**

અર્થાત્ પોત-પોતાના સ્વાભાવિક કર્મમાં તત્પરતા પૂર્વક જોડાયેલો માણસ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિધ્ધિને પામી જાય છે. પોતાના સ્વાભાવિક કર્મમાં માણસ જે રીતે કર્મ કરીને પરમ સિધ્ધિને પામે છે, એ ઉપાયને તું સાંભળ.

જે પરમેશ્વરથી સઘળા પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આખું જગત વ્યાપેલું છે એ પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને માણસ પરમ સિધ્ધિને પામી જાય છે. સ્વધર્મ રૂપી કર્મ કરતો માણસ પાપને નથી પામતો. "એટલે પરમાત્મા સિવાય કોઈના વેમમાં નો રહેવું" એને એક જગ્યાએ ન જોતાં વ્યાપકપણે સર્વમાં દર્શન કરવાં "પોતે પોતાને જુઓ."

વ્યસન કોઈનું ન રાખવું. જે પદાર્થની શાસ્ત્રોએ અવગણના કરી છે. જે પદાર્થનો જોરદાર નિષેધ કર્યો છે. તેવા દ્રવ્યોથી અતિ દૂર રહેવું વસ્તુ વગર ચલાવતા શીખો. કોઈની પાસે કંઈ માંગવું નહિ, અરે સદ્‌ગુરુ મહારાજ કહેતા કે તમે તો અમૃતના બાળ છો. પરમાત્માના પુત્ર છો, તો ભિખારીપણું છોડવું, દેહભાવ છોડવો, આત્મામાં જ રત રહેવું જોઈએ. અનુભવીને એકલા કે આનંદમાં રેવું રે. 'શાસ્ત્રં પ્રમાણંમ્' નું તાત્પર્ય છે એ કે લોક પરલોકનો આશ્રય લઈને ચાલવાવાળા મનુષ્યોને માટે કર્તવ્ય-અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે. ભગવાન અર્જુનને કહે છે કે તું તો દૈવી સંપત્તિને પ્રાપ્ત છે. આથી તું શાસ્ત્રવિધિને જાણીને કર્તવ્યનું પાલન કરવા યોગ્ય છે.

અર્જુન પહેલાં પોતાની ધારણાથી કહેતા હતા કે યુધ્ધ કરવાથી મને પાપ લાગશે. ત્યારે ભગવાન કહે છે કે હે ભાઈ ! તું પાપ-પુણ્યનો નિર્ણય પોતાની મનસ્વી રીતે કરી રહ્યો છે. તારે તો આ વિષયમાં શાસ્ત્રને પ્રમાણ માનવું જોઈએ.

હું તારા માટે ભગવાન પણ છું અને સદ્‌ગુરુ પણ એટલે હું તને આજ્ઞા આપું છું કે તું યુધ્ધ કર (કર્મ કર) યુધ્ધરૂપી ક્રિયા બંધનકારક નથી, પરંતુ સ્વાર્થ અને અભિમાન રાખીને કરેલી શાસ્ત્રીય ક્રિયા (યજ્ઞ, દાન વગેરે) જ બંધન કારક થાય છે અને મનમાન્યા ઢંગથી કરેલી ક્રિયા તો પતન કરવાવાળી હોય છે.

**''યસ્ય નાહઙ્કૃતો ભાવો બુધ્ધિર્યસ્ય ન લિપ્યતે ।**
**હત્વાપિ સ ઈર્માલ્લોકાત્ર હન્તિ ન નિબધ્યતે ।।''**

જે માણસના અન્તઃકરણમાં 'હું કર્તા છું' એવો ભાવ નથી, તેમજ જેની બુધ્ધિ સાંસારિક પદાર્થોમાં અને કર્મોમાં લેપાતી નથી, એ માણસ બધા લોકોને હણીને પણ વાસ્તવમાં નથી હણતો કે નથી પાપથી બંધાતો, જેમ અગ્નિ, વાયુ કે જળ વડે પ્રારબ્ધવશ કોઈ પ્રાણીની હિંસા થતી હોય એમ દેખાવા છતાં પણ એ અગ્નિ, વાયુ કે જળ દ્વારા વાસ્તવમાં હિંસા નથી, એ જ રીતે જે માણસનું દેહમાં અભિમાન નથી તેમજ સ્વાર્થ વિના કેવળ સંસારના હિતાર્થે જ જેની બધી ક્રિયાઓ થતી હોય છે. એ માણસના શરીર અને ઈન્દ્રિયો દ્વારા કદી કોઈ પ્રાણીની હિંસા થતી લોકદ્રષ્ટિમાં જોવામાં આવે, તો પણ એ માણસ દ્વારા વાસ્તવમાં હિંસા નથી, કર્તૃત્વના અભિમાન વિના કરેલું કર્મ ખરેખર તો અકર્મ જ છે.

આપમેળે પ્રાપ્ત યુધ્ધરૂપી ક્રિયા ક્રૂર અને હિંસા રૂપ દેખાતી હોઈને પણ પાપ જનક નથી હોતી (ગીતા અ. ૧૮/૪૭) તાત્પર્ય એ છે કે સ્વભાવનિયત કર્મ કરતો સર્વથા સ્વાર્થરહિત મનુષ્ય પાપને પ્રાપ્ત નથી થતો - જેમ કે સરહદે રક્ષણ કરતો જવાન કોઈ દેશદ્રોહીને મારે તો એને પાપ ન લાગે. કારણ કે એનો ધર્મ છે. જેવી રીતે ખેતી કરેતો ખેડૂત. એની ખેતી દ્વારા થતી હિંસાથી પાપ પ્રાપ્ત નથી થતું કારણ કે ખેતીએ પોતાનો વર્ણાશ્રમ ધર્મ છે. પોતાનું સ્વભાવનિયત કર્મ છે ખેતી.

પરંતુ સ્વાર્થથી, અભિમાનથી અને બીજાઓનું અનિષ્ટ વિચારવાથી પાપ છે. મનુષ્ય જન્મની સાર્થકતા એ જ છે કે તે શરીર પ્રાણોનો મોહમાં ન ફસાઈને કેવળ પરમાત્માના હુકમથી શાસ્ત્ર વિહિત કર્મ જ કરે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ચોગઠ ગામના સ્વ. રૂડાભાઈ દિયાળભાઈ ગોપાણી સંવત ૨૦૭૨ કારતક વદ બારસ, તા. ૦૮/૧૨/૨૦૧૫ ને મંગળવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

# સદ્ગુરૂજીના શબ્દોનું આચરણ

મફતલાલ (આદિવાડા)

પરમ પૂજ્ય સદ્ગુરૂ મહારાજની અસીમ કૃપાથી જો વરસાવવી હોય તો જીવનની અંદર અંતર સુધ્ધ કરવાને માટે ને જન્મ સફળ કરવાને માટે આટલા સદ્ગુરૂજીના શબ્દોનું આચરણ કરી વર્તમાન સમય સારા વિચાર કરી સારૂ કર્મ કરી પ્રભુના સમરપણ ભાવમાં રહી જો જીવન જીવીએ તો અખંડ આનંદની અનુભુતિ થાય

આપણામાં જે પાંચ શત્રુ છે તેને પરિવર્તનમાં મૂકો

પહેલો શત્રુ છે કામ જેમ કામ વાસના વધે છે તેમ અસંતોષ અનુભવાય છે ને તેના કારણે ક્રોધ ઉત્પન થાય છે. તો કામને વસ કરવો હોય તો સંતોષનું સાધન લઈ તેનું પરિવર્તન કરો દિશા ફેરવી દો કારણ કે આપણુ મન એવુ છે કે ઘડી ભર શાંત રહેતુ નથી માટે તેને કામના જાગે તો તેને પ્રભુ ભજનમાં સારા કાર્યમાં ને સત્ય વિચારમાં જોડાયેલું રાખો ને તેના માટે પહેલા વિવેક જાગ્રુત કરો વિવેક એટલે સત્યની સમજણ કે સાચુ સુખ છેમાં છે જે સદ્ગુરૂજીની શાનમાં સમજે છે તેને આ સુખ પ્રાપ્તી થાય છે (શાને સમજે જે કોઈ તે કૈવલ્ય પદ પામે) તેજ મુક્તિ છે. આટલુ કરવાથી પણ જો ક્રોધ થાય તો તેને કોના ઉપર ઠાલવવો તે છે જે આપણામાં દુઃખ ઉત્પન કરવાવાળા શત્રુ છે તેના ઉપર કરોને તેને જેમ બને તેમ જલદીથી તેનો નાશ કરો ને મનને એવું નિર્મળ બનાવો કે ક્રોધ આપો આપ શાંત થઈ જાય છે તો પછી મોહ કોના પ્રંતે કરવો મોહ માયા કરવા છે તો નિર્મળ મનથી વિચારી જુઓ કે માયા તો મારા પ્રભુની છે તો તેની પાછળ ડોટ મુકવી ખોટી છે કારણ કે માયા કોઈની થઈ નથી અને થશે પણ નહી આખર તો નિરાશા છે તો મોહને દૂર કરી પ્રભુ પ્રત્યે પ્રેમ જાગૃત કરો તો લોભ તો તેની મેળાએ દુર થઈ જશે કારણ કે સર્વ જગત ઈશ્વરમય દેખાય તો સેનો લોભ કરવો સર્વ આપણુ છે ને આપણે સર્વના છીએ મારૂ આમાં કાંઈ જ નથી પછીતો અભિમાનનુ અંકુર કયાં ફૂટે તેનો બ્રહ્મ અગ્નિમાં બળીને રાખ થઈ જાય **''બ્રહ્મ અગ્નિમાં બાળ્યાં જેણે બીજ ઉગવાની તેને આશા ટળી રે''** તો સદ્ગુરૂજી એ એવું બ્રહ્મ જ્ઞાન આપ્યું છે તેનાથી પૂરણ પ્રકાશ પામી અખંડ આનંદની મોજ માણી રહ્યા છીએ. (આનંદમાં રહેજો તમે મોજમાં રહેજો જેને જે કહેવું હોય તે કહેવા દે જો તમે તમારી મસ્તીમાં રહેજો)

સદ્ગુજીના ને સંતોના સાનિધ્યમાં રહેવાથી પરમ સુખની પ્રાપ્તી થાય છે જે દુઃખદાયી વિષયો છે તેમાંથી મુક્તિ મેળવીને આનંદમય જીવન જીવવાની લેર આવે છે તો સદ્ગુરૂજી પાસેથી પાંચ સદ્ગુણ અંતરમાં ઉતારો પહેલો ગુણ છે સંતોષ જેના જીવનમાં સંતોષ હશે તેને કામનાની વાસના પજવશે નહી ને આપો આપ સીલતાની શાન થશે ને સત્ય અસત્યની પરખ થશે ને તો જ આનંદની અનુભુતી થશે ને એ આનંદમાંથી સદ્ભાવના પ્રગટ થાય છે. એટલે આપો આપ મોહ ટળી જાય છે. સર્વમાં એકના રૂપ દેખાય છે તે સમરપણ ભાવ આવે છે જે છે તે પ્રભુનું છે હુતો તેનો ચાકર છું. જેવો સમય હોય તેવા રહી જીવન જીવી રહેવું જોઈએ ને મનને પ્રભુ સ્મરણમાં રાખી સ્થિરતા કેળવવી જોઈએ સદ્ગુરૂજીના વચનમાં પૂરણ વિશ્વાસ રાખી સર્વત્ર ગુરૂચરણમાં સમર્પીત કરી અખંડ આનંદની મોજ માણી લેવી જોઈએ.

(આજનો લ્હાવો લીજીએરે કાલ કોણે દીઠી છે, હૈયામાં હરિને નિરખીએ રે)

વાલા પ્રેમી બંધુઓ આવો અમુલખ અવતાર મલ્યો છે ને લખચોરાશી ફેરામાંથી મુક્તિ અપાવી પરમ ધામ પરમાત્માના શરણમાં સદાય સ્થાન આપ્યું છે એવા આપણા સદ્ગુરૂજીના આશીર્વાદ મળ્યો છે.

**પરમ પુરૂષ પ્રભુ સદ્ગુરૂ પરમ સુખધામ**
**જેણે આપ્યું ભાન નિજ તેમના ચરણોમાં પ્રણામ**
**સબહી મીલા હૈ સંસાર ભ્રમર ઉડ જાયેગા**
**નિજ ભક્તિ વિના રે ગમાર જનમ પસ્તાયેગા**

એટલા માટે સંતો એ કીધું છે દુર્ગુણો દૂર કરો ને સદ્ગુણો પ્રગટાવો ને સદ્ગુરૂ વચનનો રોમ રોમ રણકાર પ્રગટાવો.

(આત્મામાં પરમાત્મા પરખાયો ગુરૂજીના વચનમાં રે આજે મને પ્રભુ દેખાય સમરથ સદ્ગુરૂજીમાં રે આજે મને પ્રભુ દેખાય છે.

**ગુરૂ સમાણા શિષ્યમાં શિષ્ય કું લગ રહા નેહ**
**બિસુડયા બિસડે નહી એક પ્રાણ દો દેહ**

તો નિજ સ્વરૂપ ભાન કરાવી સદ્ગુરૂજી સર્વમાં સદાય આનંદ આપી રહ્યા છે તો આપ સૌ સંતો ભક્તોને સદ્ગુરૂજીના ચરણોમાં મારા કોટી કોટી પ્રણામ...

# પ્રભુ સ્મરણનો મહિમા

દિનેશ એન. લાઠિયા
(જરીયા)

**॥ જય સચ્ચિદાનંદ ॥**


ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ અતિ કઠીન છે એવું ઘણાનું માનવું છે. આ માર્ગ સરળ તો નથી જ, પણ આ માર્ગે ચાલનાર કોઈપણ સાધકને ખૂબ ધીરજ અને શ્રધ્ધાથી આગળ વધવુ જોઈએ. યાદ રાખવું જરૂરી છે કે વૃક્ષ રાતોરાત મોટુ થાય છે. તેનું આયુષ્ય પણ અલ્પ જ હોય છે. એક વિશાળ વડની નીચે ભાદરવા માસમાં ભીંડો ઉગેલો અને તેને લાગ્યું કે આ વડ મારી વૃદ્ધિમાં અડચણ કરશે. તેણે વડને કહ્યું હે વડ તું જરા ખસીજા, મને આડે કેમ આવે છે ? વડે ધીરજપૂર્વક કહયું ભાઈ થોડી ધીરજ રાખ અને પછી બોલ. બસ થોડા સમયમાં ભીંડો તેનું અસ્તિત્વ ગુમાવી દે છે. અને ભીંડો સુકાઈ ગયો. આ દ્રષ્ટાંત આપણને અજ્ઞાન અવસ્થાનું ઉદાહરણ પુરૂં પાડે છે. આમ જોઈએ તો ઈશ્વર પ્રાપ્તીનો માર્ગ સરળ છે પણ જો આપણને ગુરૂ મહારાજ જે માર્ગ બતાવે એ માર્ગે ચાલીએ તો. એકવાર એક ભાઈએ એક સંતને પુછયું બાપજી, પ્રભુ પ્રાપ્તી માટે સહજ માર્ગ કયો ? સંતે કહયું ‘શ્રધ્ધા પૂર્વકનું સ્મરણ’ નવધા ભક્તિની સમજણ ભાગવતમાં છે. શ્રવણ, કિર્તન, પાદસેવન, વંદન, અર્ચના, સખ્યભાવ, દાસ્યભાવ, અને આત્મનિવેદન. આ બધામાં શ્રધ્ધાપૂર્વકનું પ્રભુસ્મરણ ખૂબ સરળ અને સહજ પણ છે. પ્રભુ સ્મરણ ગમે તે સ્થીતીમાં અને ગમે ત્યારે થઈ શકે અને આ ભક્તિનો એક સર્વશ્રેષ્ઠ માર્ગ છે. ગીતાજીમાં તો ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે ‘હું સ્વયં જપ યજ્ઞ સ્વરૂપ છુ’ શ્રધ્ધાપૂર્વક કરેલું પ્રભુ સ્મરણ વ્યક્તિને પ્રભુમય બનાવી દે છે. એવો સંતોનો અનુભવ છે.

ભક્તિના માર્ગમાં ભક્તોએ મોક્ષ કે ફળની કામના રાખીને કશું કરવાનુ નથી. તેનો ભગવાન પ્રત્યેનો પ્રેમ નિષ્કામ હોય છે. ભગવાનનું સુખ વિચારવું એજ એની એકમાત્ર કામના હોય છે. નરસીંહથી માંડી મીરાબાઈ, પ્રહલાદ, આપણા સદ્ગુરૂ પરમાત્માં વિગેરે બધા આજ ભક્તિ ભાવથી તરબોળ હતા. બધા જ ભક્તોનું જીવનદર્શન આનાથી ભરેલું જોવા મળે છે. નરસિંહ મહેતા ભજનમાં કહે છે કે ‘મોહ માયા વ્યાપે નહી જેને દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે, રામ નામ શું તાળી લાગે, સકળ તીરથ તેના તનમાં રે’ આવા સાચા સંતનું જીવન જ વૈરાગ્યથી ભરેલું છે. તેથી તેને મોહમાયા છે જ નહિ. ફકત પ્રભુમય જીવન જ છે. આવા અનુભવ થકી જ આપણા સદ્ગુરૂ પરમ પૂજ્ય બ્રહ્મલિન સ્વામીજી મહારાજશ્રીએ આપણને ભજનમાં પણ કહયુ છે કે

માયાને મમતાના ખ્યાલો, મનમાથી તમે કાઢોને,
સચ્ચિદાનંદની ધુનમાં હવે મસ્ત બનીને રાચોને.
તેને ભક્તિમાં જ પરમ આનંદ જણાય છે. એને મન જગત ખારૂ છે.
બસ પરમાત્મા જ એમનું શાશ્વત સુખ છે આજ ભક્તિ રસ.

એક જીજ્ઞાસું ભાઈએ સ્વામીજીને પુછયુ બાપજી, પ્રભુનું સ્મરણ સહેલુ તો છે જ પણ જયારે આપણે પ્રભુ સ્મરણ માટે બેસીએ છીએ ત્યારે મનમાં અસંખ્ય વિચિત્ર વિચારો આવે છે. તો શુ તે સમયે પ્રભુસ્મરણ બંધ કરી દેવું ? પ્રશ્ન ફક્ત જીજ્ઞાસુ ભાઈનો જ નથી પણ બધાને લાગુ પડે છે. સ્વામીજીએ કહયું ભાઈ મનનો મુળ સ્વભાવ જ આવો છે. મન સ્વભાવે ચંચળ છે. તે એક ક્ષણ પણ સ્થિર રહેતું નથી. તે ભમ્યા જ કરે છે. પણ જેને પ્રભુમાં શ્રધ્ધા છે તેણે અહિ અટકવાનું નથી. પણ પ્રભુસ્મરણ ચાલુ જ રાખવાનું છે. તેમા જ તેનું કલ્યાણ છે. આ સદ્કાર્યમાં શ્રધ્ધા અને ધિરજ ખૂબ જરૂરી છે. જો આમ થશે તો એક ક્ષણ એવી પણ આવશે કે પ્રભુની કૃપા થશે જ અને ધીમે ધીમે મન પ્રભુના નામમાં સ્થિર થશે. સંતોનો અને સાધકોનો આ અનુભવ છે. શ્રધ્ધા પૂર્વકનું પ્રભુ સ્મરણ મનને શુધ્ધ કરે છે. અને આ શુધ્ધ થયેલા મન પર પ્રભુના વિચારો જ સ્થિર થાય છે. જે ભક્તને દિવ્ય દ્રષ્ટિ આપે છે. અને આ દ્રષ્ટિ સમગ્ર પ્રાણી માત્રમાં પ્રભુના (પરમાત્માના) દર્શન કરે છે. માટે સદ્ગુરૂ પરમાત્માને પ્રાર્થના કરીએ કે અમને સર્વને આવી દિવ્ય દ્રષ્ટી પ્રદાન કરો અને આપના ચરણોમાં અમારૂ સ્થાન રહો. સર્વોને જય શ્રી સચ્ચિદાનંદ..

## સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (બીલીયા)

- કથા પ્રારંભ : પોષ સુદ ૨ ને સોમવાર તા. ૧૧-૦૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : પોષ સુદ ૬ ને શુક્રવાર તા. ૧૫-૦૧-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : પોષ સુદ ૮ ને રવિવાર તા. ૧૭-૦૧-૨૦૧૬
- આયોજક : ચિમનભાઈ, દ્વારકાભાઈ, પ્રવિણભાઈ તથા સર્વે હરિ ભક્તો મો. ૮૧૨૮૩ ૧૭૦૫૯
- કથા સ્થળ : મુ. બીલીયા, તા. વીજાપુરા, જી. મહેસાણા.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (તાતોસણ)

- કથા પ્રારંભ : પોષ સુદ ૧૦ ને મંગળવાર તા. ૧૯-૦૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : પોષ સુદ ૧૫ ને શનિવાર તા. ૨૩-૦૧-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : પોષ વદ ૧ ને સોમવાર તા. ૨૫-૦૧-૨૦૧૬
- આયોજક : જયેશભાઈ છગનભાઈ પટેલ તથા છગનભાઈ ગંગારામભાઈ, ચિમનભાઈ, જોઈતાભાઈ. મો. ૯૭૨૬૨ ૯૨૨૨૩, ૯૯૨૫૦ ૧૫૦૮૯
- કથા સ્થળ : મુ. તાતોસણ, તા. વીજાપુર, જી. મહેસાણા.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (નારાયણપુરા)

- કથા પ્રારંભ : પોષ વદ ૪ ને ગુરૂવાર તા. ૨૮-૦૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : પોષ વદ ૮ ને સોમવાર તા. ૦૧-૦૨-૨૦૧૬
- કથા પૂર્ણાહૂર્તિ : પોષ વદ ૧૦ ને બુધવાર તા. ૦૩-૦૨-૨૦૧૬
- આયોજક : રમણભાઈ ભીખાભાઈ પટેલ તથા સહપરિવાર. મો. ૯૯૨૪૯ ૬૩૮૩૬
- કથા સ્થળ : મુ. નારાયણપુરા, તા. ખંભાત, જી. આણંદ.



### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ


- તા. ૧-૧-૨૦૧૬ થી ભરૂચ શક્તિનાથ મહાદેવ પધારશે.
- વિષય - ભગવદ ગીતા
- અધ્યાય - ૧૨ ભક્તિ યોગ
- તા. ૩૧-૧-૨૦૧૬ ના પૂર્ણાહૂતિ



### પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૩-૧-૨૦૧૬ થી તા. ૩૧-૧-૨૦૧૬ સુધી શ્રી પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, બાબુલનાથ રોડ, દપુજીસ રોડ, મુંબઈ. સ્વાધ્યાત્મક સત્સંગ,
- વિષય : શ્રીમદ્ ભગવદ્ ગીતા (શંકરા નંદી) સમય - સવારે ૮.૩૦ થી ૯.૩૦ સાંજે ૫ થી ૬, વિષય - ઉપનિષદ ભાષ્ય
- સ્વામી શ્રી પ્રેમપૂરી આશ્રમ ટ્રસ્ટ ૦૨૨-૨૩૬૩૨૬૦૮, પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, બબુલનાથ રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૭. નજીક ભારતીય વિદ્યાભવન, સ્વામી પ્રેમપૂરી ચોક. www.prempuri.org

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



તા. ૨-૧-૨૦૧૬ થી તા. ૭-૧-૨૦૧૬ સુધી પરમ પુજ્ય સ્વામીજીશ્રી સૌરાષ્ટ્રમાં ધર્મ પ્રચાર અર્થે વિસરણ કરી તા. ૮-૧-૨૦૧૬ ના ચાણોદ મુકામે પધારશે.

**ચાણોદ કેમ્પનો અહેવાલ :–** સ્વામિ શ્રી અખંડાનંદ સાગર ઔષધાલય દ્વારા પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના સાન્નિધ્યમાં તા. ૬/૧૨/૨૦૧૫ ને રવિવારના રોજ મફત દંત અને નેત્રરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયુ હતું. જેમાં આંખના ૨૧૮ દર્દીઓ તથા દાંતના ૪૪ દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પમાં આંખના ૨૭ દર્દીઓના ઓપરેશન થયા હતા. જરૂરત મંદોને મફત ચશમાનું વિતરણ કરાયું. આ નિદાન કેમ્પમાં શંકરા આઈ હોસ્પિટલ ગામ, મોગરના ડોકટરો એ તથા દાંતના વૈદ્યશ્રી ડૉ. મધુભાઈ બી. ઉપધ્યાય દ્વારા સેવા અપાઈ હતી કેમ્પના આયોજનમાં જરૂરી આર્થિક સહયોગ સ્વ. લીલાવતીબેન કનુભાઈ પટેલ ગામ-નાના કકરા, જી. નવસારી. હાલ લેસ્ટર (યુ. કે.) ના સ્વજનો દ્વારા પ્રાપ્ત થયો હતો. **(પોપટભાઈ એચ. કુકડીયા, ચમારડી)**

## ''વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સુચના''

(૧) વેદ રહસ્ય દર માસની પાંચ તારીખે પ્રગટ થાય છે. તા. ૧૫ સુધીમાં ન મળે તો ફોન દ્વારા કાર્યાલયમાં જાણ કરવી.

(૨) જે સભ્યોને સરનામાં ટ્રાન્સફેર કરવાના હોય તેને પોતાનો પહેલો ચીરીજ નંબર અને ગ્રાહક નંબર તેમજ જૂનું સરનામું લખવું. નવું સરનામું મોબાઈલ નંબર સાથે સારા કાગળમાં સારા અક્ષરે કાર્યાલયમાં મોકલવાનું રહેશે.

(૩) લેખ-ભજન-સંપૂર્ણ આધ્યાત્મિક અનુરૂપ હોવા જોઈએ લેખ એક જ સાઈડમાં આગળ હાંસીયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે સારા કાગળમાં લખી મોકલવો. પાછળની સાઈડમાં લખવું અને જે લેખો પ્રગટ કરવા જેવા નહી લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહીં. લેખકને કોઈપણ મહેનતાણું કે પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૪) આજીવન ગ્રાહક યોજના - પ.પૂ. અનંત શ્રી વિભુષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની શુભ પ્રેરણા તેમજ આશીર્વાદથી અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યના માર્ગદર્શન નીચે તેમના સેવક મંડળ દ્વારા સુરત થી માસીક પ્રગટ થાય છે.

(૫) લવાજમની રકમ કાર્યાલયના સરનામે ડ્રાફ્ટ અથવા ચેક મનીઓર્ડરથી પણ સ્વીકારવામાં આવે છે. ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવો ત્યારે શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ નામનો લખીને મોકલાવવો.

(૬) વેદ રહસ્યનું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે. વાર્ષિક લવાજમ વર્ષની વચ્ચે ગમે તે માસથી સભ્ય થયા હશે તો પણ ડિસેમ્બરમાં વર્ષ પૂરૂ થશે. જાન્યુઆરીથી નવા વર્ષનું લવાજમ ભરવાનું રહેશે. પત્ર વ્યવહારનું તથા લવાજમ મોકલવાનું સરનામું :- વેદ રહસ્ય કાર્યાલય, શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, શ્રી માધવાનંદ આશ્રમ ઉદયનગર-૧, કતારગામ રોડ, સુરત-૪. ફોન. ૦૨૬૧-૨૫૩૪૬૧૦

(૭) વેદ રહસ્યના જે સભ્યનો સ્વર્ગવાસ થયેલ હશે તેનું વેદ રહસ્ય બંધ થઈ જશે. શરૂ કરવા માટે નવુ લવાજમ ભરવાનું રહેશે તે ખાસ નોંધ લેશો અને જે સ્વર્ગવાસ થયેલ હોય તેનું આજીવન સભ્યપદ પૂરૂ થવાથી જાણ કરી કેન્સલ કરાવવા અને નવું લવાજમ ભરવા નમ્ર વિનંતી.



સહર્ષ જય સચ્ચિદાનન્દ પૂર્વક જણાવતા આનન્દ થાય છે કે રાજપરા (ભાલ) પરમ પૂજ્ય સ્વામી શ્રી ૧૦૦૮ માધવાનન્દજી મહારાજશ્રીના આશ્રમ નિમિત્તે તા. ૨૧–૪–૨૦૧૫ને વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ)ના દિવસે ભુમીપૂજન ખાતમુર્હુત કર્યુ અને થોડા જ સમયમાં રાજપરા ગામના સર્વે ભક્તોએ આશ્રમનું કામ પૂરૂ કર્યું. અને તા. ૨૨–૧૧–૨૦૧૫ના દિવસે પૂજ્ય સ્વામી માધવાનન્દજી મહારાજશ્રીનો ફોટો પધરાવવાનું શુભ મુર્હુત કાઢીને આખાગામમાં સન્તોના સાનિધ્યમાં શોભાયાત્રા કાઢી અને ત્યાર પછી ભુદેવ દ્વારા ગુરૂપૂજન કર્યુ અને સર્વે ગુરૂજનોનાં ફોટા પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનન્દ સાગરજી મહારાજશ્રીના વરદ હસ્તે પધરાવ્યા અને આસપાસના ગામના સર્વે ભક્ત સમુદાય સમુહ ભીક્ષા કરી અને સન્તોના પ્રવચન રૂપે આશિર્વાદ મેળવ્યા. સર્વે ભકતોએ સન્તોના દર્શન સંત્સંગનો લાભ લઈ આશિર્વાદ મેળવ્યા ભજન – સત્સંગ કરવા ગામના ભક્તો લાભ લે છે.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



સ્વામી શ્રી અખંડાનંદ સાગર ઔષધાલય દ્વારા પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની સાન્નિધ્યમાં તા. ૦૬/૧૨/૨૦૧૫ને રવિવારના રોજ મફત દંત અને નેત્રરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-